**આજનો સુવિચાર**

અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪૬ જૂનાગઢ તા.૦૩-૦૬-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 146, Junagadh : Date : 03 Jun, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### પરીણામ પહેલા ચૂંટણીપંચે પ્રેસ કોન્ફરન્સ યોજી

## ભારતની ચૂંટણીઓ ઐતિહાસીક - વિશ્વ રેકોર્ડ બન્યો - મતદાતાઓને સલામ : ચૂંટણીપંચ

નવી દિલ્હી તા. ૩

એક અભૂતપૂર્વ ઘટનાક્રમમાં ચૂંટણીપંચે આજે ચૂંટણી પરીણામો પહેલા પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. અગાઉ ભૂતકાળમાં પરીણામ પહેલા ચૂંટણીપંચે પ્રેસ કોન્ફરન્સ યોજી હોય તેવો દાખલો નથી. મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કહયું કે, ભારતની ચૂંટણીઓ ઐતિહાસીક સાબીત થઈ છે. દેશભરમાં ૬૪ કરોડ લોકોએ મતદાન કર્યુ છે જે એક વિશ્વ રેકોર્ડ છે અમે તમામ મતદાતાઓને સલામ કરીએ છીએ તેમ જણાવીને ચૂંટણીપંચનાં તમામ અધિકારીઓએ દેશનાં મતદારોને સ્ટેન્ડીંગ ઓવેશન આપ્યું હતું. ચૂંટણીપંચે જણાવ્યું કે, ૬૪ કરોડ પૈકી ૩૧ કરોડ મહિલાઓએ મતદાન કર્યુ, ૮૫થી વધુ વયનાં વયવૃધ્ધ નાગરીકોએ રેકોર્ડ સંખ્યામાં મતદાન કર્યું. વૃધ્ધ લોકોનાં ઘરે ઘરે જઈને તેમનો મત લેવામાં આવ્યો હતો. ભીષણ ગરમીમાં પણ લોકોએ મતદાન કર્યુ હતું તેમ જણાવતા ચૂંટણીપંચે કહયું કે, લોકતંત્રને મજબુત બનાવવા માટે તમામને અભિનંદન આપવામાં આવે છે. ચૂંટણીપંચે પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન બે શોર્ટ ફિલ્મો પણ દર્શાવી હતી જેમાં ચૂંટણી ફરજ પરનાં કર્મચારીઓએ કેવી વિકટ પરિસ્થિતિમાં પણ કામગીરી બજાવી હતી તે દર્શાવવામાં આવ્યું હતું.

### કલ ફેંસલા હો જાયેગા : હમ નહી યા તુમ નહી

## આવતીકાલે મતગણતરી : સમગ્ર દેશમાં ભારે ઉત્તેજના

નવી દિલ્હી, તા. ૩

દેશભરમાં લોકસભાની ૫૪૩ બેઠકની મત ગણતરી આવતીકાલ તા. ૪ જૂનના રોજ થવાની છે. દેશમાં આગામી પાંચ વર્ષ માટે કઈ સરકાર બેસશે તેનું ચિત્ર આવતીકાલે બપોર સુધીમાં સ્પષ્ટ થઈ જશે. જયારે શનિવારે સાંજથી જાહેર થયેલા એકઝીટ પોલમાં ૪૦૦ નજીક બેઠક મેળવીને એનડીએ સરકાર બનવાની ધારણા વ્યકત થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત દેશના પ્રધાનમંત્રી બની રહ્યાના અંદાજો રજૂ કરવામાં આવ્યા છે.

દેશમાં જુદા જુદા તબકકામાં ચૂંટણીનું મતદાન યોજાયું હતું. ગુજરાતમાં એક તરફ તમામ ૨૬ બેઠક ભાજપને મળશે તેવો અંદાજ આપવામાં આવ્યો છે. છતાં ઘણા સર્વેમાં કોંગ્રેસનું ખાતુ ખુલે અને ૧ થી ૨ બેઠક મળે તેવી ધારણા પણ વ્યકત કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પણ કોંગ્રેસને થોડો ફાયદો દેખાય અને એનડીએને ફટકો પડે તેવું અમુક રીપોર્ટ કહે છે.

એકંદરે કાલે થનારી મત ગણતરીમાં ભાજપની સરકાર બની રહી હોવાનું ચોકકસ લાગી રહ્યું છે. ગુજરાતમાં રાજકોટ બેઠક પર વિવાદના કારણે ક્ષત્રિય આંદોલન જેવા કેટલાક સંજોગો ઉભા થયા હતા. આમ છતાં પરિણામમાં ભાજપને બહુ ફર્ક નહીં પડે તેવો દાવો થઈ રહ્યો છે. બીજી તરફ એકઝીટ પોલ બાદ વિપક્ષ ચિંતામાં હોય તેમ ચૂંટણીમાં સતત ત્રીજી વખત રજુઆત કરી પોસ્ટલ બેલેટની મત ગણતરી ઈવીએમ પહેલા કરવાની માંગણી કરી છે. કોંગ્રેસ સહિતના વિપક્ષી મોરચાએ એકઝીટ પોલને નકારતા ઈન્ડિયા ગઠબંધનને ૨૯૫ જેટલી બેઠક મળશે તેવી આગાહી કરી દીધી છે.

દેશમાં થયેલા જુદા જુદા સર્વે, એકઝીટ પોલમાં ત્રીજી વખત ભાજપ સરકાર બની રહ્યાનો એક સામાન્ય સુર બહાર આવી રહ્યો છે. ૩૫૦થી વધુ બેઠકો તો તમામ સર્વે દર્શાવી રહ્યા છે. તો ભાજપને ૪૦૦ બેઠકની પૂરી આશા છે. આ રીતે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષ સર્વેથી ઉપર જઈને બેઠકના દાવા કરી રહ્યા છે. દક્ષિણ ભારતમાં એનડીએનું ચિત્ર સુધરે તેવું દર્શાવવામાં આવી રહ્યું છે.

## શેરબજારમાં ઉત્સવ : સેન્સેકસમાં ૨૭૭૭, નીફટીમાં ૮૪૯ પોઈન્ટનો ઉછાળો : ઓલટાઈમ હાઈ




મુંબઈ તા.૩

લોકસભાની ચૂંટણીના પરિણામો આવતીકાલે જાહેર થાય તે પુર્વે જ શેરબજારે જશ્ન શરૂ કરી દીધો હોય તેમ આજે અભૂતપૂર્વ તેજી થઈ હતી. સેન્સેકસ ૨૭૭૭ તથા નિફટી ૮૪૯ પોઈન્ટ ઉછળવા સાથે ઓલટાઈમ હાઈ થયા હતા. અદાણી ગ્રુપ ઉપરાંત બેંક, પાવર, પીએસયુ, ઓટો સહિતના ક્ષેત્રોમાં અભૂતપૂર્વ તેજી વચ્ચે બીએસઈનુ માર્કેટ કેપીટલાઈઝેશન રૂા. ૪૨૩ લાખ કરોડને પાર થઈ ગયુ હતું.

શેરબજારમાં આજે માનસ તેજીનુ હતુ અને અપેક્ષિત રીતે જ રેકોર્ડબ્રેક લેવલે ખુલ્યુ હતું. શનિવારે લોકસભાની ચૂંટણીનાં સાતેય તબકકાના મતદાન પુર્ણ થવા સાથે એકઝીટ પોલ જાહેર થયા હતા અને લગભગ તમામમાં ફરી તોતીંગ બહુમતી સાથે મોદી સરકાર બની રહી હોવાના તારણો જાહેર થતા જ માર્કેટમાં સારી અસર હતી.

ચૂંટણી અગાઉથી જ સતત ત્રીજી ટર્મમાં મોદી સરકાર બનવાની ભવિષ્યવાણી થતી રહી હતી. એકઝીટ પોલમાં સમાન તારણ નીકળતા આશંકાઓ દુર થઈ ગઈ હતી અને વિશ્વાસપૂર્વક તેજી થઈ હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ખુદ વડાપ્રધાન મોદી સહિતના નેતાઓએ ચૂંટણી પરિણામના દિવસે જોરદાર તેજી થવાની આગાહી કરી હતી એટલે માર્કેટમાં ભરોસો આવી જ ગયો હતો.

જે એકઝીટ પોલના તારણો બાદ બેવડાયો હતો. હવે આવતીકાલના સતાવાર પરિણામ આવી ગયા બાદ તેજી વધુ આગળ ધપી શકે છે. ત્યારબાદ નવી સરકારની રચના, નવા નાણામંત્રી તથા નવા પૂર્ણ બજેટ અને સરકારી નીતિનો આધારિત વધઘટનો દોર શરૂ થઈ શકે છે. શેરબજારમાં આજે અભૂતપૂર્વ તેજી વચ્ચે લગભગ તમામ શેરો ઉંચકાયા હતા. એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, લાર્સન, મહીન્દ્ર, મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટીસીએસ, ટાઈટન, અદાણી પોર્ટ, અદાણી એન્ટરપ્રાઈઝ, શ્રીરામ ફાઈનાન્સ, અદાણી પાવર સહિતના શેરો ઉછળ્યા હતા.

## ચૂંટણી પરીણામ પહેલા જ ઝટકો : અમુલ દૂધનાં ભાવમાં રૂા.૨નો વધારો ઝીંકાયો

નવી દિલ્હી તા. ૩

ચૂંટણી પ્રક્રિયા પૂરી થતાં જ અમૂલે દૂધના ભાવ વધારી દીધા છે. અમૂલે ગોલ્ડ, શકિત - ગાય - તાજા દૂધના ભાવમાં આજથી અમલી બને એ રીતે લીટરે રૂા. ૨ વધારો કરી દીધો છે. મોંઘા દૂધની અસર માત્ર દૂધ પૂરતી જ સીમીત નથી પણ આનુસાંગિક ચીજો ઘી, પનીર, મીઠાઈ, લસ્સી, દહીં, શિખંડ, આઈસ્ક્રીમ વગેરે પણ ટુંક સમયમાં મોંઘા થશે તે નક્કી છે. દૂધ મોંઘુ થતાં હવે ઘી પણ મોંઘુ થશે. ઘીનો ભાવ ૮૦૦થી ૯૦૦ થઈ જશે એ નક્કી છે. ચૂંટણીના પરિણામ પૂર્વે જ દેશની સૌથી મોટી, અમૂલ ડેરીએ વિવિધ કેટેગરીના દૂધના ભાવમાં લીટરે રૂા. ૨નો વધારો જાહેર કરતા હવે ટુંક સમયમાં ખાનગી ડેરીઓ પણ ભાવ વધારવા સજ્જ થઈ ગઈ છે. દૂધ મોંઘુ થતાં દૂધમાંથી બનતી અન્ય ચીજો જેમ કે બટર - ચીઝ - ઘી - મીઠાઈ આઈસ્ક્રીમ - પનીર વગેરેના ભાવ વધશે એ નક્કી છે. એટલું જ નહિ અન્ય રસિયાઓએ પણ કટીંગ ચા-અડધી ચાના વધુ પૈસા આપવા પડશે. દૂધના ભાવ વધારાએ મોંઘવારીનો બોંબ ફોડયો છે. સામાન્ય માણસનું ઘરનું બજેટ વેર-વિખેર થઈ જશે તે નક્કી છે.

## રાતોરાત ટોલ ટેકસમાંમાં પણ વધારો ઝીંકાયો

નવી દિલ્હી તા. ૩

આજથી જ તમામ ટોલ પ્લાઝા પર ડ્રાઈવરોએ પાંચ ટકા વધુ ટોલ ટેક્સ ભરવો પડશે. માહિતી અનુસાર, હાઈવે યુઝર ફી વાર્ષિક સુધારણા હેઠળ અગાઉ (૧ એપ્રિલ) લાગુ થવાની હતી, પરંતુ લોકસભાની ચૂંટણીને કારણે આ વધારો મોકૂફ રાખવામાં આવ્યો હતો.

**NHAI**ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે નવા દરો ૩ જૂન, ૨૦૨૪થી લાગુ થશે. તેમણે કહ્યું કે ટોલ ફીમાં સુધારો કરવો એ વાર્ષિક કવાયતનો એક ભાગ છે, જે જથ્થાબંધ ભાવ સૂચકાંકના આધારે ફુગાવાના ફેરફારો સાથે જોડાયેલ છે.

## ગેમઝોન - રીક્રિએશન સેન્ટર માટે નવો કડક કાયદો આવે છે



ગાંધીનગર તા. ૩ :

રાજયભરના ગેમઝોન અને રિક્રિએશન સેન્ટરોને ટૂંક સમયમાં જ એક સ્પેશિયલ કેટેગરી હેઠળ મૂકાશે, કેમ કે રાજય સરકાર તેઓ માટે નવો કાયદો ઘડી રહી છે. રાજકોટના અગ્નિકાંડ બાદ સફાળી જાગેલી રાજય સરકાર ટૂંક સમયમાં જ ગુજરાત કોમ્પ્રીહેનસિવ જનરલ ડેવલપમેન્ટ રેગ્યુલેશન (જીડીસીઆર)માં સુધારો કરશે અને તમામ ગેમઝોન અને રિક્રિએશન સેન્ટરોને સ્પેશિયલ કેટેગરીમાં મૂકશે. તેના માટે અલગ કાયદો અમલમાં આવશે, જે ખૂબ કડક અને આકરો હશે. તદઉપરાંત સરકાર ફાયર એનઓસીને લગતા હાલના કાયદામાં પણ મોટા ફેરફાર કરશે.

સરકાર દ્વારા સૂચિત નવા કાયદા અનુસાર તમામ પ્રકારના ફનઝોન, ગેમઝોન અને રિક્રિએશન સેન્ટરોને અલગથી બીયુ પરમિશન અને ફાયર એનઓસી લેવાની રહેશે. રાજયભરમાં તમામ સેન્ટરો અને ગેમઝોનનો એક સર્વે હાથ ધરાશે અને તેઓની સામે બંધ કરી દેવા સુધીના પગલાં લેવાશે. ફાયર એનઓસી અંગે સંબંધિત શહેરના ચીફ ફાયર ઓફિસરને મંજૂરી આપવાની સત્તા આપવામાં આવશે. હાલ સ્ટેશન ફાયર ઓફિસર એનઓસી આપે છે. નવા કાયદા મુજબ સ્ટેશન ફાયર ઓફિસર પહેલાં તમામ પ્રકારનું ઈન્સપેક્શન અને ચેકિંગ કરશે અને પોતાનો રિપોર્ટ ચીફ ફાયર ઓફિસરને સોંપશે. આ રિપોર્ટના આધારે ચીફ ફાયર ઓફિસર ચેકિંગ માટે ફરજિયાતપણે સ્થળની મુલાકાત લેશે અને ત્યારબાદ તેનો નિર્ણય લેવાનો રહેશે.

અધિકારીએ જણાવ્યું હતું કે આવા બાંધકામોનું નિયમિત નિરીક્ષણ કરવું ફરજિયાત રહેશે. **CFO** અને તેમની ટીમે સમયાંતરે સરકાર દ્વારા નિર્ધારિત કર્યા મુજબ નિયમિત ફાયર સેફટીની તપાસ કરવી પડશે.

હાલના નિયમો અનુસાર, એકવાર ફાયર એનઓસી આપવામાં આવ્યા પછી ત્યાં કોઈ વધુ તપાસ કરવામાં આવતી નથી, અને લાઈસન્સ રિન્યુઅલની ખાતરી કરવા માટે કોઈ સિસ્ટમ નથી.

નવા ડ્રાફટ દરખાસ્તમાં, જો ફાયર એનઓસી રિન્યુ ન થાય તો આવા ઝોનના માલિકોની જવાબદારી પણ નક્કી કરવામાં આવશે. 'હાલમાં, ફાયર રિન્યૂઅલ માટે ઓનલાઈન અરજીઓની સિસ્ટમ છે પરંતુ થોડા રિન્યુઅલ થાય છે. હવે કડક પાલન સુનિશ્ચિત કરવા માટે ફાયર સ્ટેશન પર નવીકરણ અરજીઓ માટેની દરખાસ્ત વિચારણા હેઠળ છે,' તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

## મધ્યપ્રદેશનાં રાજગઢમાં ટ્રેકટર ટ્રોલી પલ્ટી જતાં ૧૩ જાનૈયાનાં કરૂણ મોત

રાજગઢ તા. ૩

મધ્યપ્રદેશના રાજગઢમાં ગતરાત્રે ૯ વાગ્યે જાનૈયાથી ભરેલી ટ્રેક્ટર-ટ્રોલી પલટી જતાં ૧૩ લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં ૧૬ લોકો ઘાયલ થયા હતા, જેમને જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ બે બાળકો સહિત ચાર લોકોને ભોપાલની હમીદિયા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકો રાજસ્થાનના ઝાલાવાડ અને બારન જિલ્લાના રહેવાસી હતા. જાનમાં સામેલ એક મહિલાનું કહેવું છે કે ટ્રેક્ટર ચાલક દારૂના નશામાં હતો. મળતી માહિતી મુજબ ટ્રોલીમાં ૫૦ જાનૈયા હતા. જેઓ ટ્રોલી નીચે દબાયા હતા. ગ્રામજનોએ ઘાયલોને બહાર કાઢ્યા હતા. જેસીબીની મદદથી ટ્રોલી ઉપાડીને મૃતદેહો અને અન્ય ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા. મૃતકોમાં પાંચ મહિલાઓ, પાંચ બાળકો અને ૧૮થી ૨૦ વર્ષની વયના ૩ યુવાનોનો સમાવેશ થાય છે. અકસ્માતને પગલે ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી. આસપાસના લોકોએ બચાવ કાર્ય શરૂ કર્યું અને ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં મદદ કરી. અકસ્માત કેટલો ભયાનક હતો. આ વાતનો અંદાજો એ વાત પરથી લગાવી શકાય છે કે ટ્રોલી સંપૂર્ણપણે ઊંધી વળી ગઈ હતી. ઘણા લોકો ટ્રોલી નીચે દબાઈ ગયા હતા.

## રાજકોટ અગ્નીકાંડમાં મનપાનાં વધુ બે અધિકારીઓ સસ્પેન્ડ

રાજકોટ તા. ૩

રાજકોટમાં ૨૫ મેના રોજ સાંજના ૫.૩૦ વાગ્યા આસપાસ ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગમાં ૨૭ લોકોના મૃત્યુ થયા હતા. જેમાં રાજકોટ મનપાના અધિકારીઓની ઘોર બેદરકારી સામે આવતા પોલીસ દ્વારા મનપાના ચાર અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. જેને લઈ મનપા કમિશનર દ્વારા તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા અને એટીપીઓ મુકેશ મકવાણાને સસ્પેન્ડ કર્યા છે. જ્યારે અન્ય બે આરોપી ગૌતમ જોશી અને રોહિત વિગોરાને એક સપ્તાહ પૂર્વે રાજ્ય સરકારના સીધા આદેશથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે સાગઠિયા પાસે કરોડો રૂપિયાની સંપત્તિ છે જ્યારે તેનો પગાર તો ૭૫ હજાર જ છે.

રાજકોટ મનપાની વેસ્ટ ઝોન ટી.પી. શાખા દ્વારા ટીઆરપી ગેમ ઝોનના સંચાલક યુવરાજસિંહ સોલંકીના નામે નોટિસ પાઠવીને ગેરકાયદે બાંધકામ તોડી પાડવા જણાવાયું હતું. મનપાના ચોપડે પણ આ વાત નોંધાયેલી છે. જો કે, ત્યારબાદ કોઈ કાર્યવાહી થઈ નથી.

## ચૂંટણી પરીણામ બાદ ગુજરાત ભાજપમાં વ્યાપક સાફસુફી આવશે

નવી દિલ્હી,તા. ૩:

ગુજરાતમાં તમામ ૨૫ બેઠકો પર પણ ભાજપના ઉમેદવારો વિજયી થશે એવા અનુમાનોથી શાસક પક્ષને એકંદરે હાશકારો થયો છે, પરંતુ રાજકોટ અગ્નિકાંડ ઉપરાંત છેલ્લા કેટલાક સમયથી ભાજપ સંગઠન અને સરકારમાં પ્રવર્તતી ખેંચતાણ પર લગામ ખેંચાશે એ નક્કી મનાય છે. ગયા વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના નેતાઓ સાથે અલગ અલગ તથા સંયુક્ત રીતે બેઠકો યોજી હતી. હવે તેના પરિણામો આગામી સમયમાં દેખાશે એમ સમજાય છે.

આમ તો ગુજરાતમાં લોકસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ, આપ અને અપક્ષના છ ધારાસભ્યોએ રાજીનામા આપીને ભાજપમાં સામેલ થયા હતા. વિસાવદરને બાદ કરતા બાકીની પેટા ચૂંટણી લોકસભાની સામાન્ય ચૂંટણી સાથે યોજાઈ હતી. વિસાવદરની વિધાનસભા ચૂંટણીના પરિણામો અંગે કોર્ટ કેસના લીધે તેની ચૂંટણી જાહેર થઈ ન હતી. આ સિવાય માણાવદરના અરવિંદ લાડાણી, ખંભાતના ચિરાગ પટેલ, વિજાપુરના સી.જે. ચાવડા, પોરબંદરના અર્જુન મોઢવાડિયા, વિસાદરના ભૂપત ભાયાણી આપ તથા વાઘોડિયાના અપક્ષ ધર્મેન્દ્રસિંહ વાઘેલા ધારાસભ્ય પદેથી રાજીનામા આપી ભાજપમાં સામેલ થઈ ચૂંટણી લડ્યા હતા. વિસાવદરના ભૂપત ભાયાણીએ સૌથી પહેલાં રાજીનામુ આપ્યુ હતું, પરંતુ ચૂંટણી જાહેર ન થતાં હાલ લટકી પડ્યા છે. હવે આ પાંચ ભાજપના ધારાસભ્યો બન્યા પછી પોરબંદરના અર્જુન મોઢવાડિયાને મંત્રીમંડળમાં સ્થાન મળે એવી અટકળો તેજ છે. અલબત્ત, મોઢવાડિયાને ભાજપમાં જોડાવા સામે કોઈ કમિટમેન્ટ અપાયું હોય એવું પ્રદેશના નેતાઓ માનતા નથી. જોકે, આખરી નિર્ણય રાષ્ટ્રીય નેતાઓ દ્વારા થવાનો છે. આ તમામ અટકળો વચ્ચે ગત વર્ષે યોજાયેલી બેઠકમાં કેટલાક મંત્રીઓની નબળી કામગીરીને લઈને જે સૂચનાઓ અપાઈ હતી, તેનું વિશ્લેષણ લોકસભા ચૂંટણીના પરિણામો પછી થશે.


## મકાન વેચવાનું છે


જૂનાગઢમાં ક્રીમ એરીયામાં, માલીવાડા વિસ્તારમાં સલાટવાડામાં, સોની ફળીયામાં ત્રણ માળનું, ૭ રૂમ વાળુ ત્રણ માળનું નવું મકાન સારી કન્ડીશનમાં, પહેલી નજરમાં ગમી જાય તેવું, વ્યાજબી ભાવમાં આપવાનું છે.

સંપર્ક : મો. ૯૬૩૮૯ ૭૪૮૮૬

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ
૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983



ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો





CMYK CMYK CMYK

# ૩ જુન વિશ્વ સાયકલ દિવસ - સોમનાથ-પાટણમાં સાયકલનો દબદબો હતો : એક સમયે સાયકલ સ્ટેટસ સિમ્બોલ ગણાતું




(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૩

આજે ૩ જુન સમગ્ર વિશ્વ સાયકલ દિવસ ઉજવી રહયું છે ત્યારે એ પણ જાણીએ કે સોમનાથ દાદાની નગરી પ્રભાસ પાટણમાં સાયકલનો દબદબો હતો. બલ્કે કહો કે રજવાડું હતું. કામ કાજ અર્થે કે ફરવા કલાકના ભાડા લેખે બે આના, ચાર આના સાયકલ ભાડે મળતી.

એક રજીસ્ટરમાં દુકાનદાર તે સાયકલ લઈ જનારનું નામ અને સમય લખતા.

આજે જેમ ઘેર ઘેર બાઈક સ્કુટી છે તેમ ઘેર ઘેર સાયકલ રહેતી. સાયકલ શ્રમીકો કે સંપતિવાનોનું હાથવગું સાધન હતું.

સાયકલની સાથે હવા ભરવાના પંપ, લુછવાના કપડા, ઓઈલીંગ ડબ્બી તે ઘરોમાં રહેતી, સાયકલ મો આજે જેન્મ આરટીઓમાંથી વાહનોનો નંબર લેવા જવું પડે છે તેમ નગરપાલીકામાંથી નંબર લેવા જવું પડતું અને લાયસન્સ પણ લેવું પડતુ અને તે ન હોય તો પોલીસ કેસ પણ કરતી.

એક ઈતિહાસ મુજબ ગોંડલ સ્ટેટમાં રાજાશાહીયુગમાં વર્ષ ૧૯૩૦માં સાયકલધારકને મહારાજા ઠાકોર સાહેબ સર ભગવતસિંહજીની સહીવાળું નવ પાનાની પુસ્તીકાવાળું લાયસન્સ બુક આપવામાં આવતી. જેમાં ૧૪ નિયમો દર્શાવાયા હતા જેનું પાલન ફરજીયાત હતું અને ઉલ્લંઘન કરનાર સામે કેસ પણ દાખલ થતો. બહુ ફદીયા મળતા નથી પરંતુ સોમનાથ વેરાવળના ગણ્યા ગાંઠયા સાયકલ સ્ટોરો પોતાની એ વિરાસતનું વળગણ છોડી શકયા નથી.

વેરાવળના ડાભોર રોડ ઉપર આવેલ જય અંબે સાયકલ સ્ટોર માલીક સુરેશભાઈ હજીયે સાયકલ રીપેરીંગ કરીને ઘરનો ચુલો સળગાવે છે. એ જ છે તેની રોજી રોટી. સોમનાથ-પ્રભાસ પાટણના વડલા ચોક પાસે આવેલ મેઈન બજારમાં મહેષ સાયકલ સ્ટોર છેલ્લા ૬૦ વર્ષ ઉપરાંત પેઢી દર પેઢીથી ચાલ્યો આવે છે.

જો કે હવે સાયકલ કયાંય પણ ભાડે અપાતી જ નથી પરંતુ પંચર, ભાંગતુટ, સ્પેરપાર્ટસનું કામ જ થાય છે.

પ્રભાસ પાટણના સફળ સાયકલ સ્ટોરના સબીર મહમદ ગોહેલ પણ એ જ કામ કરે છે તો ન્યુ સફર સાયકલ સ્ટોરના ઈસા આદમ ગોહેલ અને યુનુસ આદમ અંદાજ સાયકલ આ બધાયે સ્ટોરો માત્ર રીપેરીંગ ધંધા ઉપર જદ નભે છે.

સોમનાથના ભાસ્કર વૈદ્ય પુરાની યાદો ઉપરની ધુળ ખંખેરતા કહે છે કે, આજે જેમ વાહન પાર્કીંગના બોર્ડો છે તેમ તે જમાનામાં સાયકલ પાર્કીંગ બોર્ડ જાહેર જગ્યા ઉપર રહેતાં.

એટલું જ નહી રાત્રે સાયકલ ચલાવવી હોય તો સાયકલ હેન્ડલના હુંક પાસે બેટરી ચાર્જીંગ ફાન્સ રાખવું પડતું અને જે ન હોય તો પોલીસ કેસ પણ કરતી એ એવો એક યુગ હતો કે જે લોકોની સગાઈ થઈ હોય તેના ભાવિ પત્ની મળવા જમાઈરાજ સાયકલ ઉપર જતા અને સસરાના ફળીયામાં ટ્રીન ટ્રીન સાયકલની ટોકરી વાગે ત્યાં તો આખું ઘર સાગમટે બહાર આવે ને બધા બોલી ઉઠે જમાઈ રાજ આવ્યા. જમાઈરાજ જાણે કે હેલીકોપ્ટરમાં કેમ ન આવ્યા હોય તેવો આનંદ સાસરાપક્ષ લેતો, પરીવાર બાળકો તેની સાયકલની સેર શેરીઓમાં ફેરવી ઓચ્છવ જેવું વાતાવરણ સર્જાતું સોમનાથ મંદિરના સમુદ્ર વોક વે ઉપર આજે ય પણ ફેરવવા માટે સાયકલ ભાડે અપાય છે. લોકો પોતાના નાના બાળકોને ફેરવવા માટે સાયકલના આગળના ભાગે લોખંડની બેઠક સીટ પણ જડાવતા. તે જમાનામાં સિનેમાની ફિલ્મોમાં સાયકલ સવારી કરતા અભિનેતા હીરોઈન ગીત ગુનગુનાવતી લોકો હરખાતા હવે તો સમ ખાવા પુરતી પણ સાયકલ ફિલ્મોમાં દેખાતી નથી.

ફિલ્મી ગીતો સાયકલ સાથે અભિનીત માના જનાબને પુકારા નહી, બન કે પંછી ગાયે, પ્યાર કા તરા, સાંવરે ચલોને આયે દિન બહાર કે, અરે આ તો ભુલાશે જ નહી. સાયકલ મારી સરર જાય, ટ્રીન ટ્રીન ટોકરી બજાવતી જાય.

## સલાયામાં બાળકો માટેનો નિદાન - સારવાર કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલા હુસેની ચોક ખાતે ગઈકાલે રવિવારે બાળકો માટે વિનામૂલ્યે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લાના જાણીતા બાળરોગ નિષ્ણાંત ડો. સુનિલભાઈ ઠક્કર અને ડો. મિનલબેન ઠક્કર દ્વારા યોજવામાં આવેલા આ મેડિકલ કેમ્પમાં સલાયા તથા આસપાસના વિસ્તારના મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો અને બાળકોના સ્વાસ્થ્ય અંગે જરૂરી નિદાન તથા માર્ગદર્શન મેળવ્યું હતું. આ કેમ્પમાં સલાયા સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ સલીમભાઈ ભગાડ, અલીભાઈ, સલાયાના અગ્રણી લાલજીભાઈ ભુવા સહિતના આગેવાનોએ ખાસ ઉપસ્થિત રહી અને ડોક્ટર ઠક્કર દંપતીની આ સેવા બદલ તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ગીરની કેસર કેરી વિદેશોના આંગણામાં પહોંચી




(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૩

વિશ્વભરના સ્વાગ રસીયાઓને દાઢે વળગેલી સ્વાગ સુગંધ કેસરી સિંહની ધરતીની રસદાર, કસદાર કેસર કેરી વિદેશોની ડેલીઓમાં પહોંચી ગઈ છે. લગભગ ૧૭ લાખની ૫૮૦૦૦ બોકસોની કેરી તો અમેરીકામાં પહોંચી છે.

૧૭૫ ટન કેરીની અમેરીકામાં નિકાસ થઈ અન્ય દેશોમાં પણ ભરપુર નિકાસ થઈ. આમ છતાં ગત વર્ષો કરતા વધુ ઉંચા ભાવ હોય જેથી સામાન્ય માણસને સ્વાદ સ્વપ્નનું જ રહે તેવા સંભવ છે.

મે મહિનામાં તાલાળા માર્કેટ યાર્ડમાં ૧૦ કિલોના ૪,૬૭,૪૨૦ બોકસ ખરીદાયા અને ૩ જુન સુધીમાં સવા પાંચ લાખ બોકસો ખરીદાયા, પ્રારંભ કરતા ભાવ પણ ઘટયા અને ખરીદી પણ વધી છે.

## ખંભાળિયામાં લાયન્સ ક્લબ દ્વારા ડાયાબિટીસ, બી.પી.નો સારવાર કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ ક્લબના ઉપક્રમે ડાયાબિટીસ તથા બ્લડ પ્રેશર અંગેના કેમ્પનું આયોજન તેમજ વિના મૂલ્યે ચેકઅપ તથા દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. કિશનભાઈ નકુમ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. આ સાથે રાજકોટની જાણીતી આયુષ્માન હોસ્પિટલના વાળના નિષ્ણાત ડો. મેઘાબેન મણવર દ્વારા વાળને લગતી તમામ પ્રકારની સમસ્યાઓનું નિદાન કરવામાં આવ્યું હતું. આ બંને કેમ્પનો લાભ મોટી સંખ્યામાં દર્દીઓએ લીધો હતો. જેમાં લેબ ટેકનીશ્યન તરીકે જુઝર નાથાણીએ સેવા આપી હતી. આ બંને કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબના પૂર્વ ડિસ્ટ્રીકટ ગવર્નર ધીરેનભાઈ બદીયાણી, પ્રમુખ નિમિષાબેન નકુમ, સેક્રેટરી હાડાભા જામ, ટ્રેઝરર ચંદાબેન મોદી તથા ડિસ્ટ્રીકટ ચેરમેન દિનેશભાઈ પોપટ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

# ઓખા મંડળમાં દુષ્કર્મના કેસમાં આરોપીઓના જામીન મંજૂર

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકાના ઓખા મંડળમાં રહેતી એક અપરિણીત યુવતીને લલચાવી, ફોસલાવીને લગ્ન કરવાની લાલચ આપી, આશરે છ મહિના પહેલા ઓખાના દરિયા કાંઠે ચોપાટી ઉપર આ યુવતીને લઈ જઈ અને તેણીની મરજી વિરૂદ્ધ નાસીરઅલી તૈયબભાઈ બોલીમ નામના શખ્સ દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું ત્યાર બાદ તેણીને મોરબી ખાતે લઈ જઈ અને ત્યાં પણ તેની સાથે અવારનવાર બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધ્યો હોવાનું પોલીસમાં જાહેર થયું હતું. આટલું જ નહીં, આરોપીના માતા નૂરજહાં ઉર્ફે નૂરજાન તૈયબભાઈ બોલીમએ યુવતીને પોતાના પુત્ર સાથે લગ્ન કરવા માટે દબાણ કર્યું હોવાનું પણ વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે ઓખા મરીન પોલીસ મથકમાં આરોપી નાસીર તૈયબભાઈ તથા તેના માતા નૂરજહાં ઉર્ફે નુરજાન સામે દુષ્કર્મ સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જે પ્રકરણમાં પોલીસે આરોપીઓની અટકાયત કરી, જેલ હવાલે મોકલી દીધા હતા. આ અંગેનો કેસ દ્વારકાની એડિશનલ સેશન્સ અદાલતમાં ચાલી જતા આરોપીઓ દ્વારા અદાલત સમક્ષ જામીન માટેની અરજી મૂકવામાં આવી હતી. વકીલ જીતેન્દ્રભાઈ કે. હિંડોચા વિગેરે દ્વારા અદાલત સમક્ષ કરવામાં આવેલી દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે બંને આરોપીઓને જામીન મુક્ત કરવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે.

## ભાટસીમરોલીમાંથી બાળાનું અપહરણ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩

કેશોદ તાલુકાનાં ભાટસીમરોલી ગામની એક સગીરવયની બાળાને કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી લઈ ગયાની ફરીયાદ માંગરોળ પોલીસ સ્ટેશનમાં નોંધાતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## નિવૃત પ્રાથમિક સંઘનાં કર્મચારીઓની અચોકકસ મુદતની હડતાળની ચીમકી

જૂનાગઢ તા.૩

સોરઠ જૂનાગઢ જીલ્લાનાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષકો, મહેસુલ વિભાગ, આરોગ્ય વિભાગ, કૃષિ યુનિ. કર્મચારી, તલાટી કમ મંત્રી તથા અન્ય કર્મચારીઓનો કોર્ટમાં ચાલતા કેસનો ચુકાદો આવેલ હોવા છતાં કોઈજાતની કાર્યવાહી ન કરાતા તા. ૧૯-૬-૨૪ સુધીમાં દરેક કર્મચારીનું ચુકવણું નહી કરવામાં આવે તો કર્મચારીઓ અચોકકસ મુદતનાં આમરણ ઉપવાસ ઉપર ઉતરશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# હૈદરાબાદ હવે માત્ર તેલંગાણાની રાજધાની રહેશે

નવી દિલ્હી, તા.૩

હૈદરાબાદ, તેલંગાણા અને આંધ્રપ્રદેશની સામાન્ય રાજધાની હવે રહી નથી. ૨ જૂનથી હૈદરાબાદ માત્ર તેલંગાણાની રાજધાની બની ગયું છે. ૨૦૧૪ માં અવિભાજિત આંધ્ર પ્રદેશના વિભાજન સમયે, હૈદરાબાદને ૧૦ વર્ષ માટે બંને રાજયોની રાજધાની બનાવવામાં આવી હતી.તેલંગાણા ૨ જૂન ૨૦૧૪ના રોજ અસ્તિત્વમાં આવ્યું. આંધ્ર પ્રદેશ પુનર્ગઠન અધિનિયમમાં જણાવવામાં આવ્યું છે કે, “૨જી જૂનના દિવસથી, હાલના આંધ્ર પ્રદેશ રાજ્યમાં હૈદરાબાદ એ દસ વર્ષથી વધુ સમયગાળા માટે તેલંગાણા અને આંધ્ર પ્રદેશ રાજ્યની સામાન્ય રાજધાની રહેશે.’’પુનર્ગઠન અધિનિયમે કહ્યું, “પેટા-કલમ (૧) માં સમયગાળો (નિર્ધારિત) સમાપ્ત થયા પછી, હૈદરાબાદ તેલંગાણા રાજ્યની રાજધાની રહેશે અને આંધ્ર પ્રદેશ રાજ્ય માટે નવી રાજધાની હશે.’’દાયકાઓ જૂની માંગના પરિણામે ફેબ્રુઆરી ૨૦૧૪માં સંસદમાં આંધ્ર પ્રદેશ પુનર્ગઠન બિલ પસાર થયા બાદ ૨ જૂન ૨૦૧૪ના રોજ તેલંગાણાની રચના કરવામાં આવી હતી. તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ ગયા મહિને અધિકારીઓને હૈદરાબાદમાં લેક વ્યૂ સરકારી ગેસ્ટ હાઉસ જેવી ઈમારતો કબજે કરવા કહ્યું હતું, જે ૨ જૂન પછી આંધ્ર પ્રદેશને ૧૦ વર્ષના સમયગાળા માટે આપવામાં આવી હતી.અલગ થયાના દસ વર્ષ પછી પણ આંધ્રપ્રદેશ અને તેલંગાણા વચ્ચે સંપત્તિના વિભાજન જેવા ઘણા મુદ્દા હજુ પણ વણઉકેલ્યા છે.તેલંગાણા સરકારે કેબિનેટની બેઠકમાં વિભાજન-સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે થઈ શક્યું નહીં કારણ કે ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીની આચારસંહિતા વચ્ચે તેને મંજૂરી આપી ન હતી.

## પોસ્ટલ બેલેટ પર ચૂંટણી પંચ સામે YSR કોંગ્રેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચી

નવી દિલ્હી, તા.૩

YSR કોંગ્રેસે લોકસભાની સામાન્ય ચૂંટણીમાં પોસ્ટલ બેલેટ દ્વારા પડેલા મતોની માન્યતાના મુદ્દે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. YSR કોંગ્રેસે આ મુદ્દે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના આદેશને પડકારતી સુપ્રીમ કોર્ટમાં SLP દાખલ કરી છે. 4 જૂને મતગણતરી પહેલા ચૂંટણી પંચને સ્પષ્ટ સૂચના આપવા વિનંતી કરવામાં આવી છે.પિટિશનર YSR કોંગ્રેસે પોસ્ટલ બેલેટની માન્યતા અંગે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને ચૂંટણી પંચના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો, જેમાં પોસ્ટલ બેલેટની માન્યતા સુનિશ્ચિત કરવાની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. અરજદારની દલીલ એવી છે કે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના મેમોને પડકારવામાં આવ્યો છે જે પોસ્ટલ બેલેટની માન્યતા નક્કી કરવા માટે પૂર્વ-સ્થાપિત નિયમોને હળવા બનાવે છે.આ સંબંધમાં આંધ્રપ્રદેશ માટે 30 મેના રોજ જારી કરાયેલા ચૂંટણી પંચના પરિપત્રને પણ પડકારવામાં આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ફોર્મ 13 A પર વેરિફિકેશન અધિકારીની સહી જ બેલેટ પેપરને માન્ય ગણશે.

## જૂનાગઢમાં રાજકોટનાં બનાવમાં જીવ ગુમાવનારનાં આત્માનાં શાંતિ માટે શ્રધ્ધાંજલી યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

રાજકોટ ખાતે ગેમઝોનમાં લાગેલ વિકરાળ આગમાં જીવ ગુમાવનારા હુતાત્માનાં આત્માની શાંતિ અર્થે જૂનાગઢ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શ્રદ્ધાંજલિ/ભાવાંજલિ કાર્યક્રમ સાથે હનુમાન ચાલીસા/ રામધૂન અને મહામૃત્યુંજય મંત્રોચ્ચાર દ્વારા શ્રદ્ધાજલી અર્પણ કરી હતી. સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં શોકાંજલિ અર્પણ કરી દુઃખગ્રસ્ત પરિવારજનો પરત્વે સહાનુભૂતિ વ્યકત કરી હતી.

### :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સ્વ. પુષ્પાબેન પ્રવિણભાઈ મહેતા તે પ્રવિણભાઈ મહેતાનાં ધર્મપત્ની અને આશિષભાઈ મહેતાનાં માતા અને શિવમ, સોમ્યનાં દાદીમાનું તા. ૧-૬-૨૪ના રોજ અયોધ્યામાં દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૬-૬-૨૪ને ગુરૂવારે સાંજે ૫ થી ૭ આદિત્યેશ્વર મહાદેવ મંદિર, નંદનવન રોડ, જોષીપુરા ખાતે રાખેલ છે.

# ગુરૂવારે શની જયંતી

વૈશાખ વદ અમાસને ગુરૂવાર તા.૬-૬-૨૦૨૪ના દિવસે શનિ જયંતી છે. નવગ્રહમાં શનીદેવને કર્મના ફળદાતા ગણવામાં આવે છે. આથી શની જયંતીનું મહત્વ વધારે રહેલ છે.

શનીદેવની જન્મકથા : શનીગ્રહના પિતા સુર્ય છે અને માતા છાયા છે. શનીનો જન્મ સૌરાષ્ટ્રના હાથલા ગામે થયેલ તેમ માનવામાં આવે છે.

સુર્ય ભગવાનના લગ્ન વિશ્વકર્માની પુત્રી સંજ્ઞા સાથે થયેલા તેનાથી તેમને મનુ અને યમ નામના પુત્રોની પ્રાપ્ત થયેલી તથા યમુના નામની કન્યાની પ્રાપ્ત થયેલી સુર્યદેવનું તેજ જોઈ અને પરેશાન થઈ તેનાથી બચવા સંજ્ઞા પોતાની છાયા સુર્યદેવ પાસે છોડી અને પોતાના પિતાના ઘરે જાય છે પરંતુ કહે છે કે દિકરી તો સાસરે જ શોભે આથી નારાજ થઈ અને સંજ્ઞા આથી નારાજ થઈ અને સંજ્ઞા ઘોડીનું રૂપ લઈને તપ કરવા લાગે છે બીજી તરફ છાયા ગર્ભવતી થાય છે અને શની તથા ભદ્રાને જન્મ આપે છે જયારે શનીદેવ ગર્ભમાં હતા ત્યારે માતા છાયાએ ખોરાક પાણી લીધા વગર તપ કરેલુ અને શિવ પુજા કરેલી. આથી તેના અસર સ્વરૂપે શનીદેવનો રંગ કાળો પડી ગયેલ જયારે શની દેવનો જન્મ થાય છે ત્યારે પિતા સુર્ય દેવ તેને પુત્ર તરીકે સ્વીકારવાની ના પાડે છે. આનાથી ગુસ્સે થઈ અને શનીદેવ તપ કરવા લાગે છે ત્યારે શનીદેવના તપથી પ્રસન્ન થઈ અને શિવજી વરદાન આપે છે કે તારૂ સ્થાપ નવગ્રહમાં રહેશે અને તારી પનોતીથી દેવતાઓ પણ કંપી ઉઠશે અને તુ કર્મોનો ફળ દાતા ગણાઈશ.

શની ગ્રહને એક રાશી ચંદ્ર પુર્ણ કરવા માટે ૩૦ વર્ષ લાગે છે. શની ગ્રહને ૩જી, ૭મી તથા ૧૦મી દૃષ્ટી છે.

શનીગ્રહની મોટી પનોતી તથા નાની પનોતી ગણાય છે. મોટી પનોતી જીવનમાં આશરે બેવાર આવે છે.

શનીગ્રહની પનોતી : અત્યારે શનીગ્રહની મોટી પનોતી ૩ રાશીને ચાલે છે.

મોટી પનોતી :

(૧) મકર રાશી (ખ, જ)પગેથી પસાર થાય છે સોનાના પાયે ચિંતા કરાવે.

(૨)કુંભ રાશી (ગ,શ,સ,) છાતીએથી પસાર થાય, ત્રાંબાનો પાયો લક્ષ્મીદાયક

(૩)મીન રાશી (દ,ચ,ઝ,ન) માથેથી પસાર થાય રૂપાને પાયે લાભદાયક છે.

નાની પનોતી :

(૧) કર્ક રાશી(ડ, હ)રૂપાને પાયે લક્ષ્મીદાયક

(૨) વૃશ્ચિક રાશી(ન, ય)નાની પનોતી સોનાના પાયે ચિંતાદાયક ગણાય.

નાની મોટી પનોતીની રાશી વાળા જાતકોએ શની જયંતીના દિવસે

શનીદેવની ઉપાસના પુજા કરવાથી પનોતીમાં રાહ મળશે.

શની જયંતીના દિવસે શનીદેવની પુજા :

આમ તો શનીદેવની પુજા વહેલી સવારે અથવા સાંજના દિવસ અથમ્યા પછી વધારે શુભ રહે છે પરંતુ ગુરૂવારે શની જયંતીના દિવસે આખો દિવસ શનીદેવની પુજા કરવી શુભ ફળ આપનાર બનશે.

સૌ પ્રથમ સ્નાન કરી અને નિત્યકર્મ તથા પુજા કરી શનીદેવના મંદિરે જવું.

શનીદેવ પાસે તેલનો દિવો કરવો, અગરબતી કરવી ત્યાર બાદ શનીદેવને તેલ ચડાવવું, અળદના દાણા ચડાવવા, ધુપ દીપ અર્પણ કરવા, નૈવેદ્યમાં અળદની વાનગી ધરાવી, કાળી દ્રાક્ષ પણ ધરી શકાય. આરતી કરવી.

આ પુજા કરતા સમયે ૐ શનૈશ્વરાય નમઃ મંત્રના જપ બોલતા રહેવા, પુજા પુર્ણ થયે આ મંત્રની માળા કરી શકાય છે. આ દિવસે દશરથકૃત શનીસત્રોતના પાઠ કરવા ઉત્તમ ફળ આપનાર બનશે. જો આપના ગામમાં શનીદેવનું મંદિર ન હોય તો આ દિવસે હનુમાનજીની ઉપાસના પુજા કરી શકાય છે.

શનીદેવે હનુમાનજીને વચન આપેલુ કે જે લોકો હનુમાનજીની પુજા ઉપાસના કરશે તેને હું નડીશ નહી. આથી આ દિવસે હનુમાનજીની પુજા પણ સાથે કરવી જોઈએ.

દાન : ખાસ કરીને શની જયંતીના દિવસે દાન કરવું પણ ઉત્તમ ફળ આપનાર બને છે.

આ દિવસે કાળો ધાબળો, કાળુ અથવા બ્લુ વસ્ત્ર, સ્ટીલનું વાસણ, અળદ, પગરખા, કાળી છત્રી, તેલનું દાન કરવું જીવનમાં શાંતી મળશે.

જે લોકોની જન્મકુંડળીમાં શનીકચંદ્રનો વિષયોગ હોય, શનીકચંદ્રનો શ્રાવિત દોષ હોય, સુર્યક શનીનો વિષયોગ હોય, શનિક મંગળનો અંગારક યોગ હોય, આ બધા અશુભ યોગમાંથી કોઈપણ એક યોગ હોય તો પણ શની જયંતીના દિવસે ઉપવાસ રહેવો. શનીદેવની પુજા કરવી, હનુમાનજીની પુજા કરવી રાહત મળશે.

શની જયંતીના દિવસે શનીદેવ તથા હનુમાનજીની પુજા કરવાથી બીમારીમાંથી મુક્તિ મળે છે. દેવું હળવું થાય છે, નોકરી ધંધા જીવનની મુસીબતો દુર થાય છે.

પુરાણના આધારે જોઈએ તો રાજા વીક્રમાદિત્યને પણ શનીની પનોતી આવવાથી રાજગાદી છોડવી પડેલ, નળરાજાનું પતન થયેલ.

રામ ભગવાને વનવાસ ભોગવેલો તથા રાવણ ઉપર શનીની દૃષ્ટી પડતા લંકાનો વિનાશ થયેલ, રાજા હરીચંદ્રનો સ્ત્રી પુત્ર રાજપાટ વિયોગ થયેલ.

શની ગ્રહનો બીજ મંત્રી ૐ ખાં ખીં ખોં સહુ શનૈશ્વરાય નમઃ

- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

# યુ.એન.એમ ફાઉન્ડેશન અને યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર જરૂરિયાતમંદ દર્દીઓ માટે સંપૂર્ણ નિઃશુલ્ક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવાની જાહેરાત કરી

અમદાવાદ, તા.૩

દરેક વ્યક્તિનું જીવન મહત્વનું છે. આ ફિલસૂફી મુજબ, યુ.એન.એમ ફાઉન્ડેશન (ટોરેન્ટ ગ્રુપના સ્થાપક શ્રી યુ.એન. મહેતાના નામ પરથી) અને યુ. એન મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરે (યુ.એન.એમ.આઈ.સી.આર.સી, અમદાવાદ) જરૂરિયાતમંદ દર્દીઓને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે નાણાંકીય સહાય પુરી પાડવા એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (એમ.ઓ.યુ.) કર્યો છે. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સર્જરી અને સર્જરી પછીની સારસંભાળ ખુબ જ ખર્ચાળ છે જે સામાન્ય રીતે નબળી આર્થિક સ્થિતિનાં લોકો માટે તો અશક્ય બાબત છે. દેશમાં થયેલ આ પ્રકારના આ પ્રથમ સહયોગનો હેતું એ છે કે એડવાન્સ હાર્ટ ફેલિયરની ગંભીર બીમારીમાં વિનાશક પડકાર ભોગવી રહેલા આર્થિક રીતે નબળા પરિવારોનો નાણાંકીય બોજ ઘટે.

એમ.ઓ. યુ ની શરતો અંતર્ગત, હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનાં જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક સારવાર મળે તે માટે યુ.એન.એમ. ફાઉન્ડેશન યુ.એન.એમ.આઈ.સી.આર.સીને સંપૂર્ણ નાણાંકીય ટેકો પુરો પાડશે. એડવાન્સ હાર્ટ ફેલિયરથી પીડાતા દર્દીઓ, જેને ગાઈડલાઈન મુજબ તબીબી સેવાનો પ્રતિભાવ ન મળ્યો હોય અને જેમની પાસે જરૂરી સારવાર માટે આર્થિક સાધનોનો અભાવ હોય તેમને આ નાણાંકીય સહાય મળવાપાત્ર હશે. યુ.એન.એમ. ફાઉન્ડેશન સમગ્ર પ્રક્રિયાના ખર્ચને આવરી લેશે - જેમાં મુખ્યત્વે ઓપરેશન પુર્વે મૂલ્યાંકન, દાતાનાં હૃદયનું પરિવહન (જ્યાં જરૂરી હોય ત્યાં એર એમ્બ્યુલન્સ સહિત), હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી, ઓપરેશન બાદ ૩ સપ્તાહ સુધી હોસ્પિટલમાં સારવાર, સર્જરી બાદનાં તબીબી ઉપકરણોનો ઉપયોગ અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ બાદ એક વર્ષ સુધીની દવાનો તેમાં સમાવેશ થાય છે.

આ પ્રસંગે યુ.એન.એમ.આઈ.સી.આર.સી.નાં નિયામક ડો.ચિરાગ દોશીએ જણાવ્યું હતુ કે, યુ.એન.એમ. ફાઉન્ડેશનની આ અનોખી પહેલ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની જરૂર હોય પરંતુ આર્થિક સ્થિતિ સારી ન હોય તેવા અગણિત પરિવારો માટે આશાનું કિરણ છે. સંકલિત નાણાંકીય સહાય પુરી પાડીને, અમે માત્ર જીવન જ નથી બચાવી રહ્યાં પરંતુ, એ પણ સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે જેમને તેની સૌથી વધુ જરૂર છે તેમને ઉચ્ચતમ ગુણવત્તાની તબીબી સારસંભાળ પ્રાપ્ય થાય.'' કાર્ડિયાક કેર(હૃદયની સંભાળ)માં અગ્રણી, યુ.એન.એમ.આઈ.સી.આર.સી.એ અત્યાર સુધીમાં ૨૭ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કર્યા છે. જેમાં ૪ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટના કેસમાં દાતાનાં હૃદયને ચાર્ટર્ડ ફ્લાઈટ્સ મારફતે લાવવામાં આવ્યું હતું, તે જીવન બચાવવા માટે લોજિસ્ટિકલ પડકારોનો સામનો કરવા માટે સંસ્થાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

યુ.એન.એમ.આઈ.સી.આર.સી. દર્દીની પાત્રતાનાં માપદંડોની જાહેરાત કરશે. આ પહેલ આજ તા.૧ જૂન, ૨૦૨૪થી પાંચ વર્ષના પ્રારંભિક સમયગાળા માટે અમલમાં મૂકવામાં આવશે. આ સહયોગથી તબીબી સેવામાં પરોપકારવૃત્તિ અને દર્દી સારસંભાળમાં એક નવું ધોરણ સ્થાપિત થવાની અપેક્ષા છે, જે અદ્યતન તબીબી સારવાર અને નાણાંકીય પ્રાપ્યતા વચ્ચેના અંતરને દૂર કરવાની ભવિષ્યની આવા પ્રકારની પહેલોને રાહ બતાવશે.

**યુ.એન.એમ ફાઉન્ડેશન વિશે**

ટોરેન્ટ ગ્રુપના સ્થાપક શ્રી યુ.એન. મહેતાના નામ ઉપરથી યુ.એન.એમ. ફાઉન્ડેશનનું નામ રાખવામાં આવેલ છે, જે મહેતા પરિવારની ચેરીટેબલ (સેવાભાવી) સંસ્થા છે. ફાઉન્ડેશન સામુદાયિક આરોગ્ય સંભાળ, શિક્ષણ, જ્ઞાન સંવર્ધન, કળા અને સંસ્કૃતિ તેમજ પર્યાવરણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને સામાજિક અને પરોપકારી પ્રવૃત્તિઓ કરે છે. સામુદાયિક આરોગ્ય સંભાળ અંતર્ગત "REACH" પહેલ દ્વારા ૧૬૦૦થી વધુ ગામડાઓમાં ૧.૫ લાખથી વધુ બાળકોના આરોગ્યની સંભાળ અને પોષણની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં આવે છે. "શિક્ષાસેતુ" પહેલ અંતર્ગત શિક્ષણ અને જ્ઞાન સંવર્ધન ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને શાળાના બાળકો માટે શીખવાની અને શાળાની માળખાગત જરૂરિયાતોને પુરી કરવામાં આવી છે. જેમાં વાર્ષિક, ૪૦થી વધારે ગામોની ૪૫ શાળાઓમાં અભ્યાસ કરતા ૧૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. ફાઉન્ડેશન "સિટી આર્ટ્સ પ્રોજેક્ટ – અભિવ્યક્તિ" જેવી પહેલ દ્વારા કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે, જે વિઝ્યુઅલ આર્ટ્સ, થિયેટર, નૃત્ય અને સંગીતની કલા ધરાવતા ઉભરતા કલાકારોને એક આગવું મંચ પ્રદાન કરે છે. પર્યાવરણના ટકાઉ વિકાસ અને સંવર્ધનના ઉદ્દેશ્ય સાથે, ફાઉન્ડેશનની પહેલ "પ્રતિતિ" શહેરોમાં નવા બગીચાઓ અને તળાવોનું પુનઃસ્થાપન, પુનર્વિકાસ અને નિર્માણ કરવાની કામગીરી કરે છે. આ અને અન્ય વધુ પહેલોની એકત્રિત અસર દ્વારા યુએનએમ ફાઉન્ડેશન સમાજમાં કાયમી સુધારાની ખાતરી કરવા આતુર છે.

**યુ.એન.એમ.આઈ.સી.આર.સી. વિશે**

યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર (યુ.એન.એમ.આઈ.સી.આર.સી.) એ દેશ અને વિશ્વની સૌથી મોટી એકમાત્ર સુપર-સ્પેશિયાલિટી કાર્ડિયાક ટિચિંગ હોસ્પિટલોમાંથી એક છે. આ હોસ્પિટલમાં ૧૨૫૧ બેડ્સ છે અને તે સ્ટેટ ઓફ આર્ટ માળખાગત સુવિધાઓ અને અત્યંત અત્યાધુનિક તબીબી ઉપકરણોથી સજ્જ છે. હાલમાં સંસ્થામાં દરેક વાર્ષિક અંદાજે ૭૪૦૦ કાર્ડિયાક સર્જરી અને ૨૯૫૨૦ કાર્ડિયાક પ્રોસીજર કરવામાં આવે છે.

# જૂનાગઢ જીલ્લામાં મત ગણતરી મથકથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ચારથી વધુ વ્યક્તિઓને એકઠા થવા ઉપર પ્રતિબંધ

જૂનાગઢ, તા.૩

મતગણતરીની કાર્યવાહી શાંતિપૂર્ણ વાતાવરણમાં થઈ શકે, મતગણતરી દરમ્યાન કોઈપણ વ્યક્તિ ખલેલ પહોંચાડે નહીં, મતગણતરીના સ્થળે વ્યવસ્થામાં કોઈ બાધા કે વિક્ષેપ ઊભો ન થાય અને મતગણતરીની કામગીરી શાંતિપૂર્વક ચાલી શકે તે હેતુથી મતગણતરી મથકથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ચારથી વધુ વ્યક્તિઓને એકઠા થવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.તેથી જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલકુમાર રાણાવસિયાએ જરૂરી પ્રતિબંધ મૂકતુ જાહેરનામુ બહાર પાડ્યું છે.

આ જાહેરનામા મુજબ સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવનગી મેળવ્યા સિવાય ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ એકત્રિત થવુ નહી,કોઈ પણ વ્યક્તે સભા ભરવી નહી, કોઈ પણ વ્યક્તિએ સરઘસ કાઢવુ નહી,કોઈ પણ વ્યક્તિએ જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહી, કોઈ પણ વ્યક્તિએ જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહી, કોઈ પણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખી ફરવું નહી,કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ જાતનાં વિસ્ફોટક પદાર્થો અગર આગ લાગે તેવા કોઈ પદાર્થ સાથે રાખવો નહી.

કોઈ પણ વ્યક્તિ સક્ષમ સત્તાધિકારી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ફોટોગ્રાફ સહિતના અધિકૃત પ્રવેશ પાસ વિના મત ગણતરી કેન્દ્ર- હોલમાં દાખલ થઈ શકશે નહી, આવા પ્રવેશ પાસ સરળતાથી દેખાઈ આવે તે રીતે પ્રદર્શિત કરવાના રહેશે, ઉમેદવાર તેમના ચૂંટણી એજન્ટ કે તેમના ગણતરી એજન્ટ કે, જેમને જે લોકસભા મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશ માટે પ્રવેશ પાસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે સિવાયના અન્ય વિધાનસભા મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશી શકશે નહી, કોઈ પણ વ્યક્તિ કે જેમાં ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ તેમજ મતગણતરી એજન્ટ સહિતના કોઈ પણ વ્યક્તિ મતગણતરી હોલમાં કે મતગણતરી કેન્દ્રની પ્રીમાઈસીસમાં મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારનાં અન્ય ઉપકરણો લઈ જઈ શકશે નહી, કોઈ પણ વ્યક્તિએ મત ગણતરી કેન્દ્રની અંદર પાન, માવા અને ગુટકા ખાવા નહી, ધુમ્રપાન કરવું નહી અને નશાકારક વસ્તુઓ સાથે મત ગણતરી કેન્દ્રમમાં પ્રવેશ કરવો નહી.

ભારતના ચૂંટણી પંચ તરફથી મંજુરી આપવામાં આવેલ હોઈ, એક્રિડેશન કાર્ડ ધરાવતા હોઈ તેમજ સક્ષમ અધિકારી સત્તાધિકીરીશ્રીઓએ મત ગણતરી કેન્દ્રમાં જવા પરવાનગી આપેલ પત્રકારોશ્રીઓને મત ગણતરી કેન્દ્રના ફક્ત મીડિયા સેન્ટર સુધી જ મોબાઈલ ફોન લઈ જવાની છુટ રહેશે. આ જાહેરનાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

# મતગણતરીના દિવસ માટે વૈકલ્પિક રૂટ જાહેર કરાયા

જૂનાગઢ, તા.૩

૧૩-જૂનાગઢ લોકસભા મતદાર વિભાગની મતગણતરી તા.૦૪-૬-૨૦૨૪ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતેની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ ખાતે થનાર છે. જેથી મતગણતરીના દિવસે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા સુચારૂ ટ્રાફિક નિયમન માટે અધિક નિવાસી મેજિસ્ટ્રેટ શ્રી એન.એફ. ચૌધરીએ વૈકલ્પિક રસ્તાઓ માટેનુ જાહેરનામુ બહાર પાડ્યું છે.

મતગણતરીના કારણોસર જૂનાગઢ શહેર તેમજ આજુબાજુના ગામડાઓમાંથી તેમજ ગીર સોમનાથ જિલ્લામાથી મોટી સંખ્યામાં માણસો એકઠા થનાર હોઈ, જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૪-૬-૨૦૨૪ના રોજ ૧ દિવસ માટે મધુરમ બાયપાસથી સરદારના બાવલા સુધીના રસ્તા પર તમામ પ્રકારના વાહનો માટે ડાયવર્ઝન રૂટ મધુરમ બાયપાસથી આવતા તમામ ભારે વાહનોખામધ્રોળ ચોકડીથી મજેવડી દરવાજા, ગીરનાર દરવાજા રીંગ રોડ થઈ પસાર થશે. તેમજ ટુ વ્હિલર, થ્રિ વ્હિલર, ફોર વ્હિલર પ્રકારના વાહનો આ જ રૂટ તેમજ ચોબારી ફાટક તથા ઝાંઝરડા ચોકડી થઈ પસાર થશે. વિસાવદર, બિલખા, મેંદરડા તરફથી આવતા વાહનો આગાખાન, સરદારબાવલા, કાળવા ચોક, દાતાર રોડ, ગીરનાર દરવાજા રીંગ રોડ મજેવડી દરવાજા થઈ પસાર થશે.

ઉપરાંત ઝાંસીની રાણી સરદારબાગથી મોતીબાગ તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે ડાયવર્ઝન રૂટ ઝાંઝરડા રોડ, ચોબારી ફાટક તથા ઝાંઝરડા ચોકડી થઈ પસાર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે અને આ જાહેરનામું તા.૪-૬-૨૦૨૪ના રોજ એક દિવસ માટે અમલમાં રહેશે.

# રાજકોટ ગેમ ઝોન આગ દુર્ઘટનાનાં મૃતકોને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડે પાઠવી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

## ચેરમેન નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩

તારીખ ૨૫ મેના રોજ રાજકોટ શહેરના ગેમ ઝોનમાં લાગેલી ભીષણ આગમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. અનેક પરિવારના માળા વિખેરાય ગયા છે. જીવ ગુમાવનારના પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો છે. ત્યારે આગ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દિવંગતોની આત્માને શાંતિ મળે તે માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરાયું હતું અને તમામ મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આ તકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે પણ ઉપસ્થિત રહીને દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી અને મા ખોડલ તમામ આત્માઓને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

તારીખ ૧ જૂનને શનિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને ટ્રસ્ટની તમામ સમિતિઓ દ્વારા ગેમ ઝોન આગ દુર્ઘટનામાં જીવ ગુમાવનારના આત્માની શાંતિ માટે શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી. જેમાં સૌએ ઉપસ્થિત રહીને મૃતકોને પુષ્પાંજલિ અર્પણ કરી બે મિનિટનું મૌન પાળ્યું હતું અને મૃતકોના પરિવારજનોને આ અકાળે આવી પડેલા આઘાતને સહન કરવાની શક્તિ આપે તેવી મા ખોડલના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

આ શ્રદ્ધાંજલિ સભામાં ચેરમેન નરેશભાઈ પટેલ, ટ્રસ્ટીઓ, કન્વીનર ભાઈઓ-બહેનો, શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ, શ્રી ખોડલધામ મહિલા સમિતિ, શ્રી ખોડલધામ લિગલ સમિતિ, શ્રી ખોડલધામ શિક્ષણ પાંખ સહિતની વિવિધ સમિતિઓના કાર્યકરો, સામાજિક સંસ્થાઓના સભ્યો, સરદાર પટેલ સોશિયલ ગ્રુપના સભ્યો, વિદ્યાર્થી ભાઈઓ-બહેનો, સ્ટાફગણ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને મૃતકોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના ૨૧ ટાપુઓ ઉપર પૂર્વ મંજુરી વિના પ્રવેશ પર પ્રતિબંધ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. જિલ્લામાં ૨૪ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓમાંથી માત્ર ૨ ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. જયારે ૨૨ ટાપુઓ માનવ વસાહત રહિત છે. જે પૈકી નરારા ટાપુ માટે તા. ૧૯-૧૨-૨૦૧૬ ના સુધારા જાહેરનામામાં જણાવેલ શરતોને આધિન પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પરવાનગી લેવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલા હોવાથી વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શનાર્થે શ્રધ્ધાળુઓ અવર જવર કરતા હોય છે. આ શ્રધ્ધાળુઓ સાથે રાષ્ટ્રવિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃતિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેની શકયતા નકારી શકાય નહી. ત્રાસવાદી જૂથો, સંગઠનો દ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડવાળા સ્થળોએ હુમલા કરી ભાંગફોડ તથા હિંસા કરે તેવી શકયતા રહેલી છે. આવી પ્રવૃતિઓના કારણે જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એક જાહેરનામું પ્રસિધ્ધ કરી જિલ્લામાં આવેલ ૨૧ ટાપુઓ ઉપર જે-તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખીત પૂર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેમાં ખંભાળિયા મહેસુલી હકુમત હેઠળ આવતા ધાની ઉર્ફે ડની ટાપુ, ગાંધીયોકડો ટાપુ, કાળુભાર ટાપુ, રોઝી ટાપુ અને પાનેરો ટાપુ, કલ્યાણપુર હેઠળના ગડુ (ગારૂ) ટાપુ, સાનબેલી (શિયાળી) ટાપુ, અને ખીમરોઘાટ ટાપુ, તેમજ દ્વારકા મહેશ્વરી હુકુમત હેઠળ આવતા આશાબાપીર ટાપુ, ભૈદર ટાપુ, ચાંક ટાપુ, ધબધબો (દબદબો) ટાપુ, દીવડી ટાપુ, સામીયાણી ટાપુ, નોરૂ ટાપુ, માન મરૂડી ટાપુ, લેફા મરૂડી ટાપુ, લંધા મરૂડી ટાપુ, કોઠાનું જંગલ ટાપુ, ખારા મીઠા ચુષ્ણા ટાપુ અને કુડચલી પર તારીખ બીજી ઓગસ્ટ સુધી મંજૂરી વિના પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો છે.

# દ્વારકાની પ્રખ્યાત જી.પી.એલ (ગુગ્ગુળી પ્રીમિયર લીગ)ના ફાઈનલ મુકાબલા સાથે ટેનિસ બોલ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની સફળતાપૂર્વક પૂર્ણાહુતિ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૩

ગત ૧૧ મે થી શરૂઆત થયેલ દ્વારકાની પ્રખ્યાત શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા આયોજિત જી.પી.એલ ગુગ્ગુળી પ્રીમિયર લીગની ગઈકાલે સફળતાપૂર્વક પૂર્ણાહુતિ થયેલ છે.કુલ ૧૬ ટિમ વચ્ચે ૩૧ મેચો રમવામાં આવ્યા.ટુર્નામેન્ટ દરમ્યાન કારોબારી સદસ્ય,મધ્યસ્થ સભા સદસ્ય,મહિલા મંડળ તેમજ બાળકોના મેચોનું પણ આયોજન કરવામાં આવ્યું.ફાઈનલ મેચ રુક્ષ્મણી ઈલેવન અને યજ્ઞેશ્વરી ઈલેવન વચ્ચે રમવામાં આવેલ. રુક્ષ્મણી ઈલેવનને ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા ૭૯ રન બનાવ્યા જીતવા માટે યજ્ઞેશ્વરી ઈલેવન એ ૧૪ ઓવરના મેચમાં ૮૦ રનનો લક્ષ્યાંકનો પીછો કરતા રોમાંચક મોડ પર આવેલ.છેલ્લી ઓવરમાં જીત માટે ૧૩ રનની આવશ્યકતા હતી. અંતે ૧ રને રૂક્ષ્મણી ઈલેવનની જીત થઈ. વિજેતા ટીમના કેપ્ટન ધવલભાઈ ઠાકર સહિત સમગ્ર ટીમ દ્વારા જીત હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી. જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપિલભાઈ વાયડા, સહમંત્રી ચેતનભાઈ પુજારી, કારોબારી સદસ્યો, મધ્યસભા સદસ્યો, મહિલા મંડળ સદસ્યો, સલાહકાર સમિતિ સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા. વિશેષ અતિથિ તરીકે દ્વારકા ડી.વાય.એસ.પી સાગર રાઠોડ દ્વારા પણ મેચ નિહાળવામાં આવ્યો. અત્રે ઉલ્લેખનીય છે કે લગભગ છેલ્લા ૨૫ વર્ષથી જી.પી.એલનું આયોજન કરવામાં આવે છે જેમાં બાલ વૃદ્ધો તમામ ભાગ લે છે.સમગ્ર આયોજનમાં જ્ઞાતિ ખેલમંત્રી દિવ્યાંગભાઈ ઠાકરનુ વિશેષ યોગદાન રહ્યું.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઇ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

જવિશ્વ તમાકુ નિષેધ દિન નિમિતે તા. ૩૧ મેના રોજ વિશ્વ સ્તરે ઉજવવામાં આવે છે. વિશ્વ તમાકુ નિષેધ દિન નિમિતે દેવભૂમિ દ્વારકા જિલ્લાની વિવિધ આરોગ્ય ફેસીલીટી પર લઘુ શિબિર, ગુરુ શિબિર, જૂથ ચર્ચા વિગેરેનું આયોજન કરી, આ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૩૮૨૯ લોકોને તમાકુ વ્યસનથી થતા નુકસાન, બિમારીઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ ઉક્ત તમામ લોકોને તમાકુ વ્યસન છોડવા સમજણ આપી વ્યસન મુક્ત થવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. જિલ્લા અને તાલુકાના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા તમામ આઈ.ટી.આઈ.માં વિદ્યાર્થીઓનો સેમીનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વિદ્યાર્થીઓને તમાકુના વ્યસનથી દુર રહેવા અને તેમના સંપર્કમાં આવતા લોકોને પણ દુર રાખવા પ્રેરિત કર્યા હતા.



વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિતે દેવભૂમિ દ્વારકાના તમામ તાલુકામાં તમાકુ નિયંત્રણ અધિનિયમ (COTPA-૨૦૦૩) અન્વયે દરોડા ની કામગીરી કરવામાં આવી હતી. જેમાં જાહેરમાં ધુમ્રપાન કરતા કુલ ૧૫ કેસ મુજબ રૂા.૨,૩૫૦ નો દંડ વસૂલ કરી, આવા લોકોને સમજાવામાં આવ્યા હતા. આ સાથે તમાકુ વેચાણ થતી દુકાનો પર "૧૮ વર્ષથી નાની વ્યક્તિને તમાકુ વેચાણ દંડનીય ગુનો છે" એવું બોર્ડ લગાવવામાં આવેલ ના હતી તેવી દુકાનોમાં COTPA-૨૦૦૩ની કલમ હેઠળ ૩૩ કેસ મુજબ રૂા.૪,૧૦૦/- દંડ કરવામાં આવ્યો હતો. તેમજ અન્ય કલમમાં કુલ ત્રણ કેસમાં રૂા.૭૦૦ મળીને કુલ ૫૧ કેસ થકી કુલ રૂપિયા રૂા.૭,૧૫૦ના દંડની વસૂલાત કરવામાં આવી હતી.

# કોડીનાર તાલુકાના અડવી ગામે પીઠડ માતાજીના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠાનો પ્રારંભ

ડોળાસા, તા.૩

કોડીનાર તાલુકાના અડવી ગામે નવનિર્મિત પીઠડ માતાજીના ભવ્ય મંદિરે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનો પ્રારંભ થયો તે પૂર્વ પીઠડ માતાજીની શોભાયાત્રા યોજાઈ હતી જે ગામના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઈ હતી. ડોળાસા નજીકના અડવી ગામના મોરી પરિવારના કુળદેવી પીઠડ માતાજીનું નવું અને ભવ્ય મંદિર નિર્માણ પામ્યું છે. આજે માતાજીની મૂર્તિ સાથે વિશાળ શોભાયાત્રા નીકળી હતી જે ગામના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઈ બપોરે અગિયાર વાગ્યે મંદિરે પહોંચી હતી. જ્યાં ભૂદેવો દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમનો પ્રારંભ થયો છે. તા.૩/૬/૨૦૨૪ના સાંજે મહાઆરતી બાદ મંદિર લોક દર્શનાર્થે ખુલ્લું મુકાશે. ત્યારબાદ મહા પ્રસાદ યોજાશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# પશ્ચિમી દેશોમાં રંગભેદનો સીલસલો યથાવત

દુનિયાના તમામ વિકસિત દેશો વિશેષ તો અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, બ્રિટન વગેરે એ વાતનો ગોકીરો મચાવતા રહે છે કે તે સભ્ય દેશ છે અને દુનિયાભરમાં જો લોકતંત્ર અને માનવાધિકાર સુરિક્ષત છે તો માત્ર તેમને કારણે જ છે, જે લોકતંત્રની ગરિમા, શુચિતા અને તેનો વ્યાવહારિક પક્ષ સુરિક્ષત રાખે છે. પરંતુ હકીકત એછે કે આ દેશોમાં જ નિર્દોષ અને માસૂમ વિદેશી નાગરિકો સાથે જે પ્રકારના વ્યવહાર કરવામાં આવે છે, તે તેમને અસભ્ય, વંશવાદી, જડ અને અસહિષ્ણુ સમાજની યાદીમાં સામેલ કરવા માટે પૂરતા છે.

આ સંદર્ભે સૌથી પહેલાં ચર્ચા વિદેશ ભણવા જતા ભારતીય વિદ્યાર્થીઓની કરીએ, કારણ કે આ વર્ષે જાન્યુઆરીથી માર્ચ સુધી માત્ર અમેરિકામાં જ લગભગ એક ડઝન ભારતીય વિદ્યાર્થીઓની હત્યા કરી દેવાઈ અથવા શંકાસ્પદ પરિસ્થિતિઓમાં તેમનું મોત થયું. ભારતીય વિદ્યાર્થીઓની હત્યાના આ આંકડા ચાંકાવે છે, ભયભીત કરે છે, કારણ કે આ આંકડા અમેરિકામાં રંગભેદના નવા સંસ્કરણના ફેલાવાના પુરાવા છે અને બાઈડન પ્રશાસનના ભારત પ્રત્યે ઉપેક્ષાત્મક અને નકારાત્મક વલણનો સંકેત પણ. આ સ્થિતિ ત્યારે છે જ્યારે ભારતીય વિદ્યાર્થીઓ સંબંધે દુનિયા જાણે છે કે તેઓ બેહદ શાલીન, વિનમ્ર અને પોતાના ભણતર સાથે જ લેવાદેવા રાખનારા હોય છે. તેઓ ક્યારેય વિના કારણે સરકાર વિરોધી અથવા સ્થાનિક સંસ્કૃતિ અને સભ્યતાના વિરોધમાં કોઈ પ્રકારના આંદોલન વગેરેમાં ભાગ નથી લેતા. તેઓ મિત્ર દેશનો કોઈપણ પ્રકારે વિરોધ, અપમાન કે અહિત નથી કરતા.

જોકે કારોબારી જગતની મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓમાં ભારતીય પ્રોફેશનલોના પ્રમુખતાથી ઉભરવાને કારણે દુનિયાભરમાં ભારતીય પ્રોફેશનલોની માંગ દિવસે દિવસે વધતી જાય છે. આ જ કારણ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતથી વિદેશ જઈને શિક્ષણ પ્રાપ્ત કરવા અને ત્યાં વસી જવાનો ક્રેઝ પણ વધ્યો છે. જોવામાં આવે તો પશ્ચિમી દેશોનું રંગભેદી વલણ બહુ જૂનું છે અને તે માત્ર ભારતીય વિદ્યાર્થીઓ સુધી જ સીમિત નથી, પણ આ વિકસિત દેશોએ તો પોતાના અસભ્ય, વંશવાદી, જડ અને અસહિષ્ણુ આચરણનો શિકાર અનેક ભારતીય કલાકારો, ખેલાડીઓ અને અન્ય પ્રોફેશનલો સહિત કેટલાય મોટા અને વિખ્યાત લોકોને પણ બનાવ્યા છે.

હાલનાં વર્ષોમાં પણ યોજનાબદ્ધ રીતે અંજામ આપવામાં આવેલ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટન સહિત કેટલાય પશ્ચિમી દેશોમાં હિંદુઓના ધર્મસ્થળો પર પથ્થરબાજી, મારપીટ, લૂંટફાટ અને આગચંપીની ઘટનાઓને કોણ ભૂલી શકે છે, જેની દહેશત આજે પણ ત્યાંના ભારતવંશીઓના મનમાં દેખાય છે. આજ પ્રકારે લંડનમાં એક ફિલ્મના શૂટિંગ દરમ્યાન કેટલાક કાર સવાર યુવકો દ્વારા ભારતીય અભિનેતા જ્હોન અબ્રાહમ અને અભિનેત્રી બિપાશા બસુના રંગ અને ભારત વિશે હલકી ટિપ્પણીઓ કરવી, ૨૦૦૮માં બ્રિટનના એક રિયાલિટી શો 'બિગ બ્રધર'માં કન્ટેસ્ટન્ટ જેડ ગુડી દ્વારા બોલિવુડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી પર રંગભેદી ટિપ્પણી કરવી, અભિનેત્રી પ્રિયંકા ચોપડાને અમેરિકામાં ભણતર દરમ્યાન શ્યામ રંગને કારણે 'બ્રાઉની' કહીને ચીડવવી, રંગભેદને કારણે પ્રિયંકાને હોલિવુડની એક ફિલ્મમાં કામ કરવાથી વંચિત કરી દેવી અને રશિયા-યુક્રેન યુદ્ઘના આરંભમાં પૂર્વ યુક્રેનમાં ફસાયેલા ભારતીય છાત્રોના રંગભેદી વ્યવહારોનો શિકાર થવું વગેરે પશ્ચિમી દેશોના ક્રૂર રંગભેદી વ્યવહારોના કેટલાક મુખ્ય ઉદાહરણ છે.

જ્યારે ઓસ્ટ્રેલિયાના સિડનીમાં થયેલ એક ટેસ્ટ દરમ્યાન બે ખેલાડીઓ જસપ્રીત બુમરાહ અને મોહંમદ સિરાજને દર્શકો દ્વારા 'બ્રાઉન ડોગ' કહીને સંબોધિત કરવા તથા પૂર્વ ખેલાડી અને કોમેન્ટેટર આકાશ ચોપડા પર ઈંગ્લેન્ડમાં લીગ ક્રિકેટ દરમ્યાન રંગના આધાર પર અપમાનજનક ટિપ્પણી કરવી પણ તેનાં જ્વલંત ઉદાહરણ છે.

### છોટાઉદેપુરના મોટી સાંકળ ગામે લગ્ન પ્રસંગમાં ફાયરિંગની ઘટના બની

છોટાઉદેપુર,તા.૩ : છોટાઉદેપુર પંથકમાં ફાયરિંગની ઘટના બની છે. છોટાઉદેપુરના મોટી સાંકળ ગામે લગ્ન પ્રસંગમાં ફાયરિંગની ઘટના બની હતી. સાંકળ ગામે વરઘોડામાં દેશી તમંચા વડે ફાયરિંગ કર્યુ હતુ. અચાનક તમંચાથી ફાયરિંગ કરતા મહિલા ઈજાગ્રસ્ત થઈ હતી. છોટા ઉદેપુર પંથકમાં ફાયરિંગની ઘટના બની છે. છોટાઉદેપુરના મોટી સાંકળ ગામે લગ્ન પ્રસંગમાં ફાયરિંગની ઘટના બની હતી. સાંકળ ગામે વરઘોડામાં દેશી તમંચા વડે ફાયરિંગ કર્યુ હતુ.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ખૂબ જ પ્રેમ કરવાથી પુત્ર નાશ પામ છે.

- વિદુરજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૧૨ અપરા એકાદશી (ભાગવત-વૈષ્ણવ) તા.૩ જૂન ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૨૫, અશ્વિની નક્ષત્ર, સૌભાગ્ય યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૨

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

### લોકસભાની ચૂંટણી પૂરી થતા જ એક્ઝિટ પોલ જાહેર થઈ ગયા

# ભાજપની આગેવાની હેઠળ એનડીએને પ્રચંડ બહુમતી મળશે તેવી આગાહી

## ઈન્ડિયા ન્યૂઝ - ડી ડાયનેમિક્સના એક્ઝિટ પોલ પ્રમાણે એનડીએને ૩૭૧ બેઠકો અને ઈન્ડિયા એલાયન્સને ૧૨૫ બેઠકો મળી શકે છે

નવી દિલ્હી, તા.૩

લોકસભાની ચૂંટણી પૂરી થતા જ એક્ઝિટ પોલ જાહેર થઈ ગયા છે જેમાં ભાજપની આગેવાની હેઠળ એનડીએને પ્રચંડ બહુમતી મળશે તેવી આગાહી કરવામાં આવી છે. જન કી બાતનો એક્ઝિટ પોલ દર્શાવે છે કે એનડીએને ૩૭૭ બેઠકો મળી શકે છે જે ગયા વખતની બેઠક કરતા પણ વધુ હશે. ૨૦૧૯માં એનડીએને ૩૫૩ બેઠકો મળી હતી. છ અઠવાડિયા સુધી ચાલેલી લોકભાની ચૂંટણી પૂરી થઈ છે અને ચોથી જૂને મત ગણતરી થાય તે અગાઉ એક્ઝિટ પોલમાં ભાજપને વિજેતા પણ જાહેર કરી દેવાયો છે.

અત્યાર સુધીમાં જે ડેટા આવ્યો છે તેમાં ઈન્ડિયા ન્યૂઝ - ડી ડાયનેમિક્સના પોલ પ્રમાણે એનડીએને ૩૭૧ બેઠકો અને ઈન્ડિયા એલાયન્સને ૧૨૫ બેઠકો મળી શકે છે. જન કી બાતનો દાવો છે કે એનડીએ ૩૬૨થી ૩૯૨ બેઠકો જીતશે જયારે ઈન્ડિયા ગઠબંધનને ૧૪૧થી ૧૬૧ બેઠકો મળી શકે છે. ત્યાર પછી ન્યૂઝ નેશને એનડીએને એક્ઝિટ પોલમાં ૩૪૨થી ૩૭૮ બેઠકો આપી છે અને ઈન્ડિયા ગઠબંધનને ૧૫૩થી ૧૬૯ બેઠક આપી છે. રિપબ્લિક ભારત એનડીએને ૩૬૮ બેઠક અને ઈન્ડિયા ગઠબંધનને ૧૨૫ બેઠક આપે છે. ચાણક્યના એક્ઝિટ પોલ પ્રમાણે ઉત્તરાખંડમાં ભાજપ તમામ પાંચ બેઠકો પર જીતશે. આ એક્ઝિટ પોલમાં ભાજપને ઉત્તરાખંડમાં ૫૯ ટકા વોટશેર આપવામાં આવ્યો છે જયારે કોંગ્રેસને ૩૨ ટકા વોટ શેર મળશે, પરંતુ એક પણ બેઠક જીતી નહીં શકે. એક્ઝિટ પોલમાં એવું ચિત્ર આવે છે કે નરેન્દ્ર મોદી હેટ ટ્રીક કરશે અને ત્રીજી વખત વડાપ્રધાન બનશે. આ જ એક્ઝિટ પોલ મુજબ ભાજપને બિહાર, રાજસ્થાન અને બીજા અમુક હિંદી ભાષી રાજ્યોમાં નુકસાન જાય છે પરંતુ પશ્ચિમ બંગાળમાં ભાજપને ઘણો ફાયદો થઈ રહ્યો છે. કેરળમાં પણ ભાજપ પોતાનું ખાતું ખોલાવશે તેવું એક્ઝિટ પોલમાં જણાવાય છે. એક્સિસ-માય ઈન્ડિયાના અંદાજ પ્રમાણે કેરળમાં ભાજપને ૨૭ ટકા વોટ શેર મળી શકે છે. જો કેરળમાં ભાજપ એક સીટ જીતે તો પણ તેની બહુ મોટી સિદ્ધિ હશે. તમિલનાડુમાં પણ ભાજપ બેથી ત્રણ સીટ જીતશે તેવું એક્ઝિટ પોલમાં તારણ કાઢવામાં આવ્યું છે.

ટીવી૯ ભારત વર્ષના એક્ઝિટ પોલ મુજબ એનડીએને કર્ણાટકમાં ૨૮માંથી ૨૦ બેઠકો મળી શકે તેમ છે. ઈન્ડિયા ટીવી સીએનએક્સના એક્ઝિટ પોલ મુજબ ભાજપ ૨૫ સીટ પર ચૂંટણી લડ્યો તેમાંથી ૨૩ સીટ જીતી શકે છે. કોંગ્રેસને ત્રણથી પાંચ સીટ મળી શકે છે. ઈન્ડિયા ટૂડે એક્સિસના પોલમાં ભાજપને કર્ણાટકમાં ૨૦થી ૨૨ સીટ જનતાદળ (એસ)ને બેથી ત્રણ સીટ અને કોંગ્રેસને ત્રણથી ૫ સીટ આપવામાં આવે છે.

તેવી જ રીતે છત્તીસગઢ પણ ભાજપના હાથમાં છે. ઈન્ડિયા ટૂડે એક્સિસ માય ઈન્ડિયાના પોલ પ્રમાણે એનડીએને છત્તીસગઢમાં ૧૧માંથી ૧૦ અથવા ૧૧ બેઠકો મળશે જ્યારે ઈન્ડિયા બ્લોકને માત્ર એક સીટ મળે તો મળે તેમ છે. કેરળમાં એનડીએને બેથી ત્રણ સીટ મળે તેવી આગાહી ઈન્ડિયા ટૂડેના પોલમાં કરવામાં આવી છે.

બિહાર માટે એક્ઝિટ પોલમાં એવી આગાહી કરવામાં આવી છે કે નીતિશ કુમાર જેનો હિસ્સો છે તે એનડીએને ૨૯થી ૩૩ સીટ મળે તેમ છે જ્યારે ઈન્ડિયા બ્લોકને ૭થી ૧૦ સીટ મળવાની શક્યતા છે. અત્યાર સુધીમાં જે ચાર મોટા એક્ઝિટ પોલ આવ્યા છે તેમાં બધામાં એક વસ્તુ સામાન્ય છે. તે છે એનડીએની જીત. ઈન્ડિયા ગઠબંધન આ વખતની ચૂંટણીમાં ફાવી શકશે નહીં અને ભાજપ કદાચ પહેલા જેટલો જ અથવા તેના કરતા પણ મજબૂત બનશે તેવું એક્ઝિટ પોલના અત્યાર સુધીના તારણો કહે છે.

### AAP અને કોંગ્રેસ નહીં ખોલી શકે ખાતુ

# ભાજપ ગુજરાતની તમામ ૨૬ બેઠકો ભાજપ જીતી શકે છે

## સાત જેટલા એક્ઝિટ પોલ્સમાં ભાજપ ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ચૂંટણી જીતે તેવો વરતારો વ્યક્ત કરાયો

અમદાવાદ, તા.૩

લોકસભા ચૂંટણીનું સાત તબક્કાનું મતદાન પૂરૂં થતાં જ હવે એક્ઝિટ પોલ્સના આંકડા પણ સામે આવી ગયા છે. વિવિધ એક્ઝિટ પોલ્સમાં NDAને ૩૬૦થી વધુ બેઠકો મળે તેવી આગાહી કરવામાં આવી છે, ત્યારે ભાજપના ગઢ અને હિન્દુત્વની પ્રયોગશાળા ગણાતા ગુજરાતમાં સતત ત્રીજીવાર ભાજપ તમામ ૨૬ લોકસભા બેઠક જીતી શકે છે.

ટુડેઝ ચાણક્યના એક્ઝિટ પોલ્સ અનુસાર ગુજરાતની તમામ બેઠકો પર ભગવો લહેરાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે. આ ઉપરાંત TV9 અને ન્યૂઝ ૨૪ના એક્ઝિટ પોલ્સમાં પણ ભાજપને ગુજરાતની તમામ બેઠકો પર વિજય મળે તેવું જણાવાયું છે. આ ઉપરાંત એબીપી ન્યૂઝ સી વોટર, ઈન્ડિયા ટીવી-CNX, ટાઈમ્સ નાઉ, ઈન્ડિયા ટૂડે અને ઝી ન્યૂઝે પણ ગુજરાતની તમામ બેઠકો પર ભાજપના વિજયનો દાવો કર્યો છે. ઉલ્લેખનીય છે કે ભાજપે સુરત બેઠક બિનહરિફ જીતી લીધા બાદ રાજયની ૨૫ લોકસભા બેઠકો પર ૦૭ મેના રોજ મતદાન થયું હતું, જેમાં એવરેજ ૬૦ ટકા જેટલું વોટિંગ થયું હતું.

મોટાભાગના એક્ઝિટ પોલ્સમાં ભાજપ ગુજરાતમાં ક્લીન સ્વીપ કરશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે તો બીજી તરફ મેટ્રીઝના સરવેમાં ભાજપને બે સીટોનું નુક્સાન થઈ શકે છે તેવો દાવો કરાયો છે. હવે જો ભાજપને મળનારા સંભવિત વોટ્સની વાત કરવામાં આવે તો ઈન્ડિયા ટૂડેના એક્ઝિટ પોલ્સ અનુસાર ગુજરાતમાં ભાજપને ૬૩ ટકા જેટલા વોટ્સ મળી શકે છે.

આ અગાઉ ૨૦૧૪ અને ૨૦૧૯માં થયેલી લોકસભા ચૂંટણીમાં ભાજપે ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો હતો. જોકે, ૨૦૨૪માં ક્ષત્રિય આંદોલન ઉપરાતં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે થયેલા ગઠબંધન બાદ બનાસકાંઠા, આણંદ, વલસાડ, ભરૂચ અને સુરેન્દ્રનગર જેવી બેઠકો પર ભાજપને કાંટાની ટક્કર મળે તેવી શક્યતા વર્તાતી હતી.

૨૦૨૨માં જ ગુજરાતમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રેકોર્ડ ૧૫૬ બેઠકો જીતી હતી, અને લોકસભા ચૂંટણી પહેલા જ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ તેમજ ધારાસભ્યો રાજીનામાં આપીને ભાજપમાં જોડાઈ ગયા હતા. જોકે, ભરૂચ અને ભાવનગર જેવી બેઠક પર આમ આદમી પાર્ટીએ ખાસ્સી મહેનત કરી હતી જ્યારે બનાસકાંઠા, વલસાડ તેમજ આણંદ જેવી બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે જોરદાર પ્રચાર કર્યો હતો.

આ ઉપરાંત સાબરકાંઠા તેમજ વડોદરા જેવી બેઠકો પર ભાજપે કદાચ પહેલીવાર પોતાના જાહેર કરાયેલા ઉમેદવારોને પાછા ખેંચવાની ફરજ પડી હતી. આ બંને બેઠકો પર જાહેર કરાયેલા નવા ઉમેદવારો સામે પણ નારાજગી જોવા મળી હતી. રાજકોટ બેઠકની જ વાત કરીએ તો ભાજપના ઉમેદવાર પરસોત્તમ રુપાલાની ટિકિટ રદ કરવા માટે ક્ષત્રિયોએ આખાય ગુજરાતમાં જોરદાર આંદોલન ચલાવ્યું હતું પરંતુ ભાજપે રુપાલાને યથાવત રાખ્યા હતા.

ક્ષત્રિય આંદોલનની અસર રાજકોટને બાદ કરતા બીજી બેઠકો પર પણ થાય તેવી શક્યતા હતી. જોકે, એક્ઝિટ પોલ્સના આંકડાને જો સાચા માનવામાં આવે તો ભાજપને ગુજરાતમાં જરાય નુક્સાન થતું નથી દેખાઈ રહ્યું. ઉલ્લેખનીય છે કે, ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે આ વખતે દરેક લોકસભા બેઠક પાંચ લાખ મતોની લીડ સાથે જીતવાનો ટાર્ગેટ રાખ્યો હતો, તેવામાં જો ભાજપ ખરેખર તમામ ૨૬ બેઠકો જીતી જાય તો પણ તેને કેટલા વોટ મળે છે તેના પર સૌની નજર રહેશે.

## રાજકોટના શખ્સનું જસદણમાં ઝેરી દવા પીનારનું મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા) રાજકોટ,તા.૩

રાજકોટના જસદણમાં નાયબ કાર્યપાલક ઈજનેર સાથે બોલાચાલી થતાં અનુસૂચિત જાતિના આગેવાને દવા પી લીધી હતી. સારવાર દરમિયાન અનૂસિચ જાતિના આગેવાનનું મોત થયું હતું. રામજીભાઈ નામના આ આગેવાનનું મોત થયું હતું. કુટુંબીજનોએ તેમને ન્યાય મળે નહીં ત્યાં સુધી કાર્યવાહી કરવા ઈક્રાર કર્યો હતો.આમ નાયબ કાર્યપાલક ઈજનેર સાથેની માથાકૂટના પગલે પછી રામજીભાઈને લાગી આવતા તેમણે આત્મહત્યા કરી હતી.

## દ્વારકામાં વિશ્વ તમાકુ નિષેધ દિવસ અંતર્ગત લોકજાગૃતિ માટે કાર્યવાહી કરાઈ



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩

ગઈકાલે વિશ્વ તમાકુ નિષેધ દિવસ (WNTD) અંતર્ગત શહેરી વિસ્તાર દ્વારકા ખાતે તાલુકા હેલ્થ કચેરી દ્વારકા નાં સ્ટાફ દ્વારા ટોબેકો સ્કોવડ બનાવી તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ (COTPA - 2003)નું સઘન અમલીકરણ થાય તે હેતુ થી દ્વારકાધીશ મંદિર શહેરી વિસ્તાર નાં જાહેર સ્થળો તેમજ શૈક્ષણિક સંકુલો ની આજુબાજુ તથા સરકારી કચેરીઓની આજુબાજુ મુલાકાત લઈ ઉપરોક્ત કાયદા નું ઉલંઘન કરનાર તમાકુ નાં વેચાણકર્તા દુકાનદારો સામે દંડનીય કાર્યવાહી કરી તમાકુ થી થતાં નુકશાનો ની સમજ માટે લોકજાગૃતિ માટે નાં વિવિધ કાર્યવાહી કરવામાં આવેલ . જે અંતર્ગત ૩૨ જેટલા દુકાનદારો પાસેથી રૂપિયા ૩૮૫૦ જેવી દંડનીય કાર્યવાહી કરવામાં આવેલ. ઉપરોક્ત કામગીરી ને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ કચેરી દ્વારકા તથા પોલીસ સ્ટેશન દ્વારકા નાં સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૦૩-૦૬-૨૦૨૪ થી ૦૯-૦૬-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નિર્ણયોમાં વિલંબ સંભવ છે. લાભની તક હાથમાંથી સરી જાય. સ્થાવર મિલ્કત અંગેના પ્રશ્નોમાં વિઘ્ન આવે. નાણાંકીય સ્થિતિ મધ્ય રહે. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિશ્રમ કરવો જરૂરી બને. નોકરીયાત વર્ગને કાર્યબોજ વિશેષ રહે જેથી થાક અનુભવાય. કૌટુંબિક વાતાવરણ સહકારભર્યું રહે. ભાઈ-બહેનથી લાભ થાય. જીવનસાથીથી મતભેદ ન થાય તે જોવું. સંતાનો અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક ચિંતા રહ્યા કરે. નાણાંકીય બાબતના પ્રશ્નોમાં વિઘ્નો આવે. તેમજ દરેક કાર્ય અટકી-અટકીને પૂર્ણ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે નવી તકો મળે. તેમજ વડીલ વર્ગના સાથસહકાર પ્રાપ્ત થાય. નોકરીયાત વર્ગની સાનુકૂળ સ્થિતિ, સહકર્મચારી વર્ગનો સાથ-સહાકર મળે. જીવનસાથી સાથે આનંદમય વાતાવરણ રહે. નાનોએવો પ્રવાસ કરી શકશો. અલબત્ત પડવા-વાગવાથી કે અકસ્માતથી સંભાળવું.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન મન અસ્વસ્થ રહે તેમજ આત્મવિશ્વાસ ડગી જાય. મનની મુરાદ ન આવે. જોકે જીવનસાથી તરફથી સહયોગ મળે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. યાત્રા-પ્રવાસમાં સાવચેતી રાખવી. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. ખોટી ઉગ્રતાને કાબુમાં રાખવી નહીં તો મુશ્કેલી રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક જવાબદારી વધે, નાણાંકીય લાભ મળે. પારિવારીક માનમાં વધારો થાય. પ્રગતિકારક સમય હોતા દરેક કાર્યોમાં સરવાળે સફળતા મેળવી શકશો. સંતાનના સ્વાસ્થય અંગે ચિંતાજનક સ્થિતિ રહે. વડીલ વર્ગ તરફથી લાભ મળવાનો સંભવ છે. કોઈને મનદુ:ખ થાય તેવા કુટવચન ન બોલશો.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન ક્રોધ પર કાબુ રાખવો અન્યથા નુકશાનીના ભોગ બનવું પડે. પારિવારીક સુરક્ષા માટે જાગૃતિ કેળવવી હિતાવહ. વિરોધીવર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય. આર્થિક સમસ્યા હળવી બને અલબત્ત રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ છે. માનસિક તનાવમાંથી સપ્તાહના અંત સુધી મુક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનોકામના સિધ્ધ થાય. યાત્રા-મુસાફરીના યોગ નકારી શકાય. જૂના સંબંધો દ્વારા લાભ મળે. કોઈ સંકટ કે મુશ્કેલીમાંથી માર્ગ મળે. નવા કાર્યોમાં સફળતા મેળવી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી-વડીલવર્ગનો સાથ-સહકાર પ્રાપ્ત થાય. નવિન શુભ સમાચાર મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે જરૂરી ધીરજપૂર્વક દરેક કાર્યો હાથ ધરવા. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સસરા પક્ષ તરફથી નાનો એવો લાભ મેળવી શકશો. ભાઈ-બહેનોના કાર્યોમાં સફળતા મળે. અધ્યાત્મિક કાર્યોમાં અભિરૂચિ વધે. આરોગ્ય સુધરે, જૂના રોગોમાંથી મુક્તિ મેળવી શકશો.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન માનસિક સ્વસ્થતા રહે તેમજ આત્મવિશ્વાસ વધે. નાણાંકીય આકસ્મીક લાભ મળે. વારસા, મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ લાવવા સાનુકૂળ સમય. નોકરીયાત વર્ગને કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય. તેમજ તેની માન-પ્રતિષ્ઠા વધે. કૌટુંબિક દ્રષ્ટિએ વડીલ વર્ગનો સાથ-સહાકર મેળવી શકશો. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે અલબત્ત તેનું આરોગ્ય જાળવવું હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ધીરજ અને શાંતિથી કાર્ય કરવું હિતાવહ. ધંધાકીય પરિસ્થિતિ યથાવત રહે. અલબત્ત મહેનત દ્વારા ઉજળી તકોનું સર્જન કરી શકશો. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી સાથે વાણી ઘર્ષણ થવા સંભવ છે. કૌટુંબિક પરિસ્થિતિ મધ્યમ રહે. ભાઈ-બહેન સાથે મતભેદ સર્જાય જેથી ઘરની શાંતિમાં વિક્ષેપ પડે. જીવનસાથીથી વિશેષ લગાવ રહે. તેનો સાથ-સહકાર મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન બાધ્ય સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય. અગત્યના કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ. આરોગ્ય જાળવવું તેમજ ખાન-પાનમાં કાળજી લેવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યક્ષેત્રમાં મિક્ષ પરીણામ પ્રાપ્ત થાય તેમ છતાં અગત્યના કાર્યોમાં સફળતા મળે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી સંઘર્ષ ટાળવો હિતાવહ, નાણાં વ્યય થાય. જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. એકંદરે આરોગ્ય સારૂં રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

પ્રિયજનથી આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી, જમીન-વાહન સંબંધી કાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે આ સપ્તાહ દરમિયાન સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ષડયંત્રમાં ગેરસમજના ભોગ ન બની જવાય તેની સાવધાની રાખવી જરૂરી બને. નોકરી-વ્યવસાયને લગતી સમસ્યાઓ રહે, ધીરજપૂર્વક કાર્યો કરતા રહેવાથી સમસ્યાઓ દૂર થાય.

# ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI)ની આગેવાનીવાળી નવ ન્યાયાધીશોની બંધારણીય બેંચ સમક્ષ મહત્ત્વના કેસો

## સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની બેંચ મહત્ત્વના બંધારણીય અને લાંબા સમયથી પડતર કેસોની સુનાવણી કરી રહી છે, જેમાંથી કેટલાક બે દાયકાથી વધુ જૂના છે



નવી દિલ્હી તા.૩

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) ડી.વાય. ચંદ્રચુડની આગેવાની હેઠળની નવ જજોની બેંચની રચના ગયા વર્ષે બે દાયકાથી વધુ સમયથી પડતર બંધારણીય કેસોની સુનાવણી માટે કરવામાં આવી હતી. બેન્ચે ઔદ્યોગિક આલ્કોહોલના ઉત્પાદન અને નિયમનમાં કેન્દ્ર અને રાજ્યોની સત્તાઓને ઓવરલેપ કરવાના અને શું ખનિજ લીઝ ઉપર વસૂલવામાં આવતી 'રોયલ્ટી'ને 'ટેક્સ' ગણી શકાય એ મુદ્દાને લગતા કેસોમાં સુનાવણી પૂર્ણ કરી છે.

૧ મેના રોજ, ન્યાયમૂર્તિ ઋષિકેશ રોય, બી.વી. નાગરથના, સુધાંશુ ધૂલિયા, જે.બી. પારડીવાલા, મનોજ મિશ્રા, રાજેશ બિંદલ, સતીશચંદ્ર શર્મા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે ખાનગી સંસાધનો 'ભૌતિક સંસાધનોનો ભાગ છે કે કેમ તે અંગે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

૧. પ્રોપર્ટી ઓનર્સ એસોસિએશન વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય [C.A. ™t.1012/2002]

**મુદ્દો**

શું બંધારણની કલમ ૩૯(b) હેઠળ 'સમુદાયના ભૌતિક સંસાધનો'

વાક્યમાં ખાનગી માલિકીના સંસાધનોનો સમાવેશ થાય છે ?

**પૃષ્ઠભૂમિ**

બોમ્બે શહેરમાં ભાંગવામાં આવી રહેલા રહેણાંક બાંધકામોની નોંધ લેતા, રાજ્ય સરકારે ૧૯૮૬માં મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬માં પ્રકરણ ફૈં-છનો સમાવેશ કરવા માટે સુધારો કર્યો હતો, જે મુંબઈ બિલ્ડીંગ રિપેર એન્ડ રિકન્સ્ટ્રક્શન બોર્ડ (MBRRB)ને પુર્નઃ સ્થાપન હેતુઓ માટે ૭૦% રહેવાસીઓની સંમતિ સાથે ઉપાર્જિત મિલકતો હસ્તગત કરવાની સત્તા આપે છે. આ અધિનિયમની કલમ ૧૭ એ નિર્ધારિત કર્યું છે કે કાયદાનો હેતુ બંધારણની કલમ 39(b)માં નિર્દિષ્ટ સમુદાયના ભૌતિક સંસાધનોનું આ રીતે વિતરણ સામાન્ય ભલાઈની સેવા કરવા માટે રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતને સુરક્ષિત કરવા તરફની રાજ્યની નીતિને અસર કરવાનો છે. આવા રહેણાંક સંકુલનો બળજબરીથી કબજો લેવા માટે MBRRBને આપવામાં આવેલી સત્તાથી નારાજ થઈને, મુંબઈમાં ૨૦,૦૦૦થી વધુ જમીનમાલિકોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા પ્રોપર્ટી ઓનર્સ એસોસિએશને આ દાવો દાખલ કર્યો હતો.

**કેસની સમયરેખા**

૧૩ ડિસેમ્બર, ૧૯૯૧: બોમ્બે હાઈકોર્ટે આ પડકારને ફગાવી દીધો હતો અને નોંધ્યું હતું કે સામાન્ય લોકોને આશ્રય આપવાનું સરકારનું કર્તવ્ય છે કારણ કે જમીન માલિકો કબજેદારોને વાજબી જીવનનિર્વાહની ખાતરી કરવામાં નિષ્ફળ ગયા હતા.

૧ મે, ૧૯૯૬ : સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેંચે આ કેસને પાંચ જજની બેંચને મોકલી આપ્યો હતો.

માર્ચ ૨૧, ૨૦૦૧ : કર્ણાટક રાજ્ય વિરુદ્ધ શ્રી રંગનાથ રેડ્ડી (૧૯૭૮) અને સંજીવ કોક મેન્યુફેક્ચરિંગ કંપની ભારત કોકિંગ કોલ લિમિટેડ અને એનઆરમાં કલમ ૩૯(બી)ના અર્થઘટન અંગેના વિરોધાભાસી ચુકાદાઓને ધ્યાનમાં લીધા પછી પાંચ જજોની બેન્ચે આ મામલો સાત ન્યાયાધીશોની મોટી બેંચને મોકલ્યો હતો. મોટાભાગના ન્યાયાધીશોએ જસ્ટિસ ક્રિષ્ના ઐયરના મંતવ્યને સ્વીકાર્યું ન હતું કે જાહેર તેમજ ખાનગી માલિકીના સંસાધનો 'સમુદાયના ભૌતિક સંસાધનો'ના દાયરામાં આવે છે.

ફેબ્રુઆરી ૧૯, ૨૦૦૨ : મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લિ. વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૯૭)માં નવ જજની બેન્ચના અગાઉના નિર્ણયમાં સાત જજોની બેન્ચે આ મામલો નવ ન્યાયાધીશોની મોટી બેંચને મોકલ્યો હતો. તેમાં સમુદાય માત્ર જાહેર સંસાધનો સુધી સીમિત નથી પરંતુ તેમાં ખાનગી માલિકીના સંસાધનો પણ સામેલ છે તેવા લેવામાં આવેલા દૃષ્ટિકોણ ઉપર શંકા વ્યક્ત કરતા, બેન્ચે સંદર્ભ આદેશમાં નોંધ્યું કે યોગ્ય વિચારણા કર્યા પછી અમે અભિપ્રાય ધરાવીએ છીએ કે કલમ 39(b)ના આ અર્થઘટન ઉપર નવ વિદ્વાન ન્યાયાધીશોની બેન્ચ દ્વારા પુનર્વિચાર કરવાની જરૂર છે.

**મુદ્દો**

શું ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ હેઠળની 'રોયલ્ટી' 'કર' ની પ્રકૃતિમાં છે ?

**પૃષ્ઠભૂમિ**

આ કેસ બિહાર કોલ માઈનિંગ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (સુધારા) અધિનિયમ, ૧૯૯૨ અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમોને પડકારવાથી સંબંધિત છે જેના હેઠળ ખાણકામ ઉદ્યોગોને લીઝ ઉપર આપવામાં આવેલી ખનિજ-ધારક જમીનોમાંથી થતી જમીનની આવક ઉપર વધારાના કર લાદવામાં આવ્યા હતા. ખાણકામ ઉદ્યોગોએ દલીલ કરી હતી કે રાજ્યની વિધાનસભા બંધારણની કલમ ૨૪૬ હેઠળ તેમની સત્તાનો ઉપયોગ કરીને આવા કર લાદવા માટે સક્ષમ નથી.

**કેસની સમયરેખા**

૨૬ મે, ૧૯૯૯ : સુપ્રીમ કોર્ટમાં સિવિલ અપીલ દાખલ કરવામાં આવી.

૬ એપ્રિલ, ૨૦૦૪ : સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેંચ જેમાં જસ્ટિસ એસ.એચ. કાપડિયા, કે.એસ. પનીકર રાધાકૃષ્ણન અને સ્વતંત્ર કુમારે આ મામલે સુનાવણી શરૂ કરી હતી.

૩૦ માર્ચ, ૨૦૧૧ : પશ્ચિમ બંગાળ રાજ્ય વિરૂધ્ધ કેસોરામ ઈન્ડસ્ટ્રી (૨૦૦૪) વચ્ચેના નિર્ણયો વચ્ચે સંઘર્ષ હોવાનું નોંધ્યા પછી ત્રણ જજની બેન્ચે આ કેસ પાંચ જજની બેન્ચને બદલે નવ જજની બેંચને મોકલી આપ્યો. ખંડપીઠે કાયદાના અગિયાર પ્રશ્નો ઘડ્યા હતા જેનો નિર્ણય મોટી બેંચ દ્વારા કરવામાં આવશે, જેમ કે શું 'રોયલ્ટી' કરની પ્રકૃતિમાં ગણી શકાય અને શું રાજ્ય વિધાનસભા, એન્ટ્રી ૪૯, યાદી II હેઠળ જમીન ઉપર કર વસૂલતી વખતે બંધારણની સાતમી અનુસૂચિની, જમીનના ઉત્પાદનના મૂલ્યના આધારે કર નક્કી કરી શકે છે.

૩. ઉત્તર પ્રદેશ રાજ્ય વિરૂધ્ધ જય બીર સિંહ [C.A. નંબર 897/2002]

**મુદ્દો**

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૨(દ્બ) હેઠળ 'ઉદ્યોગ' શબ્દની વ્યાખ્યા શું છે ?

**પૃષ્ઠભૂમિ**

આ કિસ્સામાં, વિચારણા હેઠળનો પ્રશ્ન એ હતો કે શું રાજ્યના 'સામાજિક વનીકરણ' વિભાગ, જે પર્યાવરણના સુધારણા માટે હાથ ધરવામાં આવેલી કલ્યાણકારી યોજના હતી, તેને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ કલમ ૨(j) હેઠળ 'ઉદ્યોગ'ની વ્યાખ્યામાં આવરી લેવામાં આવશે.

'ઉદ્યોગ' શબ્દની વ્યાખ્યા ખૂબ મહત્વ ધરાવે છે, કારણ કે આવી સ્થાપનામાં કામ કરતી કોઈપણ વ્યક્તિ અધિનિયમ હેઠળ વિવિધ રક્ષણ મેળવવા માટે હકદાર છે જેમ કે સેવામાંથી બરતરફી પહેલાં ફરજિયાત નોટિસ અવધિ, કામના મહત્તમ કલાકો, રજા માટેની જોગવાઈઓ અને નિશ્ચિત વળતર વગેરે. ૧૯૭૮માં, બેંગ્લોર વોટર સપ્લાય વિરૂધ્ધ આર. રાજપ્પા કેસમાં સાત જજની બેન્ચે 'ઉદ્યોગ' શબ્દની વ્યાપક વ્યાખ્યા આપધ્ હતી, જેમાં યુનિવર્સિટીઓ અને ચેરિટેબલ સંસ્થાઓ જેવા નફાના હેતુ વિના કામ કરતી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. આવી વિસ્તરીત વ્યાખ્યા અને આમાં સામેલ કડક શ્રમ ધોરણોનો પછીથી વિવિધ ઉદ્યોગ સંસ્થાઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ૧૯૮૨માં, સંસદે અધિનિયમમાં સુધારો પસાર કરીને વ્યાખ્યામાં ઘણા અપવાદો બનાવ્યા હતા; જો કે, સુધારો ક્યારેય અમલમાં આવ્યો ન હતો.

**કેસની સમયરેખા**

મે ૫, ૨૦૦૫ : સર્વોચ્ચ અદાલતની પાંચ જજની બેન્ચે બેંગ્લોર વોટર સપ્લાયના નિર્ણયને સાત ન્યાયાધીશોની મોટી બેંચને પુર્નઃ વિચાર માટે મોકલ્યો, અને એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે આ બહુમતી ચુકાદાવ સર્વસંમત ન હતો, જેના પરિણામે અદાલતો દ્વારા વિવિધ અર્થઘટન કરવામાં આવ્યા હતા. આ સંદર્ભ આદેશમાં હિતધારકોની ફરિયાદોના નિરાકરણ માટે યોગ્ય સુધારા લાવવામાં કારોબારી અને વિધાનસભાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

જાન્યુઆરી ૨, ૨૦૧૭ : સાત ન્યાયાધીશોની બેન્ચે 'નિર્ધારણ માટે આવતા મુદ્દાની ગંભીર અને વ્યાપક અસરો' અને 'ગંભીર શંકાઓ'ને ધ્યાનમાં લીધા પછી આ મામલો નવ ન્યાયાધીશોની મોટી બેંચને મોકલ્યો હતો.

૪. યુપી રાજ્ય અને અન્ય વિરૂધ્ધ M/S લલતા પ્રસાદ વૈશ [C.A. નંબર 151/2007] મુદ્દો ઈન્ડસ્ટ્રીઝ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૮-જીનું અર્થઘટન.

**પૃષ્ઠભૂમિ**

૧૯૯૯માં, યુ.પી. હેઠળ જારી કરાયેલી સૂચના મુજબ લાયસન્સ ફોર ધ પઝેશન ઓફ ડેનેચર્ડ સ્પિરિટ એન્ડ સ્પેશિયલ ડેનેચર્ડ સ્પિરિટ રૂલ્સ, ૧૯૭૬, કોઈપણ જથ્થાબંધ વિક્રેતા દ્વારા યુ.પી. હેઠળ લાયસન્સ ધારકોને વેચાણ પર ૧૫% એડ વેલોરમ પર લાઈસન્સ ફી લાદવામાં આવી હતી. ત્યારબાદ, અરજદારે લાદવામાં આવેલી લાઈસન્સ ફીને પડકારી હતી કે રાજ્યને ઈન્ડસ્ટ્રીઝ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૮-જીને ધ્યાનમાં રાખીને ઉત્પાદન અને વેચાણને નિયંત્રિત કરવાની સત્તા નથી.

સેક્શન 18-G કેન્દ્ર સરકારને અનુસૂચિત ઉદ્યોગો સાથે સંબંધિત અમુક ઉત્પાદનોનું નિયમન કરવાની પરવાનગી આપે છે જેથી તેનું વિતરણ યોગ્ય રીતે થાય અને વ્યાજબી ભાવે ઉપલબ્ધ હોય. બંધારણની સાતમી અનુસૂચિની સૂચિ IIIની એન્ટ્રી ૩૩ રાજ્ય અને કેન્દ્ર સરકાર બંનેને કોઈપણ ઉદ્યોગના ઉત્પાદનના સંદર્ભમાં કાયદો ઘડવા માટે એકસાથે સત્તા આપે છે.

**કેસની સમયરેખા**

ડિસેમ્બર ૧૬, ૨૦૦૪ : અલ્હાબાદ હાઈકોર્ટે લાઈસન્સ ફી લાદવાને સંપૂર્ણ ગેરકાયદેસર જાહેર કરી અને રાજ્ય સરકારને અરજદારો પાસેથી વસૂલવામાં આવેલી ફી વાર્ષિક ૧૦%ના દરે વ્યાજ સાથે પરત કરવાનો આદેશ આપ્યો.

ઓક્ટોબર ૨૫, ૨૦૦૭ : સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેન્ચે આ કેસ પાંચ જજોની બેંચને મોકલી આપ્યો. સાત ન્યાયાધીશોની બેન્ચે ચુકાદો આપ્યો હતો કે રાજ્ય સરકારને લિસ્ટ IIIની એન્ટ્રી ૩૩ હેઠળ ઉદ્યોગના ઉત્પાદન તરીકે ઔદ્યોગિક આલ્કોહોલનું નિયમન કરવાની સત્તા નથી.

ડિસેમ્બર ૮, ૨૦૧૦ : સિન્થેટીક્સ અને કેમિકલ્સમાં સાત જજની બેન્ચ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો કોર્ટના ત્યારપછીના અનેક નિર્ણયોમાં અલગ હતા તે નોંધ્યા પછી પાંચ જજની બેન્ચે આ કેસને નવ ન્યાયાધીશોની મોટી બેંચને વિચારણા માટે મોકલ્યો હતો.

# માનવ તસ્કરીના રેકેટમાં સામેલ વડોદરાના એજન્ટે ૨૦૦ લોકોને વિદેશ મોકલ્યા : ૪ જૂન સુધી પોલીસ રિમાન્ડ ઉપર

વડોદરા, તા.૩

બેંક એકાઉન્ટમાંથી નાણાં ટ્રાન્સફર કરી ઠગાઈ કરતી ચાઈનીઝ ગેંગનું કંબોડિયામાં મોટું નેટવર્ક ચાલતું હતું. માનવ તસ્કરીના આ નેટવર્કમાં સામેલ વડોદરાની યુનિક એમ્પલોયમેન્ટ નામની સંસ્થાના એમ.ડી.ની ડીસીબી પોલીસે ધરપકડ કરી છે. આ ઈન્ટરનેશનલ કૌભાંડની તપાસ માટે પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરતા તા.૪ સુધીના રિમાન્ડ મંજૂર થયા છે. ઓરિસ્સાના ચટી ગંજમ જિલ્લાના ભેરાબી ગોલંથરા ખાતે શાંતિ નગરમાં રહેતા દિનબંધુ શાહુ નામનો એક યુવક વડોદરાના સુભાનપુરા ઈલોરાપાર્ક વિસ્તારમાં વિશ્વમોહિની એપાર્ટમેન્ટમાં યુનિક એમ્પ્લોયમેન્ટ સર્વિસના એમડી મનિષ બળવંતરાય હિંગુ(લાલજીકૃપા ફ્લેટ્સ, શક્તિ નગર સોસાયટી પાસે, વાસણા)ને મળ્યો હતો. વિયેતનામમાં નોકરી અપાવવાનું કહીને વિઝા પ્રોસેસિંગ ફી નામે દોઢ લાખ લીધા હતા. મનિષ હિંગુએ વિયેતનામમાં ડેલ્ટા નામની કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટરની નોકરીનો ઓફર લેટર આપ્યો હતો. દિનબંધુ વિયેતનામ પહોંચ્યો ત્યારે એજન્ટ ક્રિષ્ણા પાઠકે જણાવ્યું હતું કે, ઓફર લેટરવાળી નોકરી બંધ થઈ ગઈ છે. વિક્કી નામનો એજન્ટ બીજી સારી નોકરી અપાવશે. વિક્કી તેને વિયેતનામથી કંબોડિયા લઈ ગયો હતો. ત્યાં તેને નામ વગરની કંપનીમાં નોકરી અપાવી પાસપોર્ટ લઈ લીધો હતો. આ નોકરીમાં ભારતના લોકોને અલગ-અલગ રીતે ચેટિંગ કરી ફ્રેન્ડશિપની જાળમાં ફસાવી લોભ લાલચ અને ધમકીઓ આપી બૅન્ક એકાઉન્ટ હેક્ કરીને રૂપિયા ટ્રાન્સફર કરી લેતા હતા. દિનબંધુ આ નોકરી કરવા માંગતો નહીં હોવાથી તે કંપનીના અધિકારીએ ૨,૮૨૦ ડોલરની માંગણી કરી હતી. આરોપી હાલમાં યુનિક એમ્પલોયમેન્ટ સર્વિસના નામથી જેતલપુર રોડ ઈન્ડિયા બુલ્સમાં ઓફિસ ધરાવે છે. પોલીસે મનિષ હિંગુની ધરપકડ કરી હતી. તેની ઓફિસમાં જઈને તપાસ કરતા અગાઉ વિદેશમાં મોકલેલા યુવકોના ડેટા મળ્યા હતા. કંપનીના બૅન્ક એકાઉન્ટની વિગતો્ મેળવી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મનિષ હિંગુએ યુનિક એમ્પલોયમેન્ટ સર્વિસના નામથી ઉદયમમાં રજિસ્ટર કરાવીને ક્રિષ્ણા પાઠક અને આનંદ વિશ્વકર્માની સાથે પાર્ટનરશિપમાં મેન પાવર કન્સલટન્સીનો ધંધો વડોદરામાં ભાડાની ઓફિસ રાખી શરૂ કર્યો હતો. અત્યાર સુધી તેઓએ સમગ્ર દેશમાંથી ૨૦૦ જેટલા લોકોને વિદેશ મોકલ્યા છે. આરોપીઓએ માનવ તસ્કરી કરી તેઓને ગુલામ જેવી લાચાર અને દયનીય પરિસ્થિતિમાં મૂકી દીધા હતા. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. સરકારી વકીલની રજૂઆતો ધ્યાને લઈ અદાલતે તા. ૪ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

# SIT તો સરકારના નિયંત્રણ હેઠળ છે ત્યારે હાઈકોર્ટના ન્યાયાધીશ દ્વારા તપાસ કરાવો

ગાંધીનગર, તા.૩

રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં આગની દુર્ઘટનામાં ૨૭ લોકોનાં મૃત્યુ નિપજ્યાની ઘટના અંગે આજે રાજકોટ આવેલી ક્ષત્રિય સમાજની સંકલન સમિતિએ દુઃખ વ્યક્ત કર્યું હતું. આ સાથે તેમણે SITની તપાસ સામે સવાલ ઉઠાવ્યા હતા. કારણ કે SIT રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળ છે. જેથી હાઈકોર્ટના ન્યાયાધીશ દ્વારા તપાસ કરવામાં આવે એવી તેમણે માંગ કરી છે. તેમણે કહ્યું કે, ૨૭ મૃતકોના પરિવારજનોની મુલાકાત લેવાનું શરૂ કર્યું છે. જેમની તમામ વિગતનો રિપોર્ટ તૈયાર કરી રાજ્ય સરકારને આપવામાં આવશે. સાથે જ સરકાર દ્વારા વધુ સહાય ચૂકવવામાં આવે તેવી માંગ કરી હતી. રાજકોટ આવેલ ક્ષત્રિય સમાજની સંકલન સમિતિના પ્રદેશ પ્રવક્તા કરણસિંહ ચાવડાએ જણાવ્યુ હતું કે, TRP ગેમઝોનની દુઘટર્નાં દુઃખદાયક છે. આ ઘટનામાં માત્ર ક્ષત્રિય સમાજના જ નહીં, પરંતુ અન્ય સમાજના લોકો પણ મૃત્યુ પામ્યા છે. ત્યારે તમામ મૃતકોના પરિવારજનોની મુલાકાત લઈ રહ્યા છીએ. મૃત્યુ પામેલા સુનિલભાઈ સિદ્ધપુરાના ઘરની હાલત ખૂબ જ ગંભીર છે. તેમના પરિવારમાં કમાનારૂં કોઈ નથી. આ ઉપરાંત આશાબેન કાથડના પરિવારની મુલાકાત લીધી. હવે ક્ષત્રિય સમાજના મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોની મુલાકાત લેશું. જે બાદ તેનો રિપોર્ટ તૈયાર કરી સરકારને આપશું અને સહાય વધારવા માટે માંગ કરશું. અગાઉની ઘટનાઓમાં SITની રચના બાદ તેના આરોપીઓની શું પરિસ્થિતિ છે ? તેઓ જેલમાં છે કે જામીન ઉપર છૂટી ગયાં ? તેનો શ્વેત પત્ર રાજ્ય સરકારે જાહેર કરવો જોઈએ. તેવી પણ તેમણે માંગણી કરી હતી. વધુમાં તેમણે કહ્યું હતું કે, આ ઉપરાંત આ ઘટનામાં આ વિસ્તારના કોર્પોરેટર, ધારાસભ્ય, મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને સંસદ સભ્ય સુધીના જવાબદાર ગણાય. જેથી તેમની સામે પણ કાર્યવાહી થવી જોઈએ. બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, રાજ્યસભાના સાંસદ રામ મોકરીયા, રાજકોટ લોકસભા બેઠકના ભાજપનાં ઉમેદવાર પરષોત્તમ રૂપાલા સહિતનાં ઘટના બાદ મોડા દેખાયા. આ પદાધિકારીઓ પણ આ ઘટનામાં એટલા જ જવાબદાર છે જેટલાં અધિકારીઓ છે. સ્થિતિનો તાગ મેળવવા માટે પ્રદેશ પ્રમુખે કોઈ નિવેદન પણ આપ્યું નથી. જ્યારે રમજુભા જાડેજાએ જણાવ્યું હતું કે, અગાઉ સુરતમાં તક્ષશિલા, વડોદરામાં હરણી બોટકાંડ હોય કે રાજકોટનો TRP ગેમઝોનકાંડ તમામમાં SITની રચના કરવામાં આવી છે, પરંતુ આ SIT રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની હોય છે. જેથી તટસ્થ તપાસ માટે ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં કમિટીની રચના કરવામાં આવે તે જરૂરી છે.

# RBI વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાસ્તવિક GDPની ૭ ટકાના દરે વૃદ્ધિની અપેક્ષા રાખે છે

મુંબઈ, તા.૩

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ તાજેતરમાં જારી કરેલા તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે, એપ્રિલથી શરૂ થતા ચાલુ નાણાંકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭ ટકાના દરે વૃદ્ધિ પામે તેવી શક્યતા છે. તેમાં જણાવ્યું હતું કે, ભારતીય અર્થતંત્ર ૨૦૨૩-૨૪ (એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ નાણાકીય વર્ષ)માં મજબૂત ગતિએ વિસ્તર્યું હતું, વાસ્તવિક જીડીપી વૃદ્ધિ અગાઉના વર્ષના ૭.૦ ટકાથી વધીને ૭.૬ ટકા થઈ હતી. ૨૦૨૪-૨૫ માટે વાસ્તવિક GDP વૃદ્ધિ ૭.૦ ટકા રહેવાનું અનુમાન છે અને તેના માટે જોખમો સમાનરૂપે સંતુલિત છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, અર્થતંત્રે FY24માં સતત ઉથલપાથલ છતાં સ્થિરતા દર્શાવી હતી. RBIએ જણાવ્યું હતું કે, નક્કર રોકાણની માંગને પગલે ભારતની GDP વૃદ્ધિ મજબૂત છે, જે બેંકો અને કોર્પોરેટ્સની બેલેન્સશીટ, મૂડી ખર્ચ અને સમજદાર નાણાકીય, નિયમનકારી અને રાજકોષીય નીતિઓ ઉપર સરકારનું ધ્યાન કેન્દ્રિત કરે છે. રિઝર્વ બેંકના ૨૦૨૩-૨૪ના વાર્ષિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય અર્થતંત્ર પ્રતિકૂળ વૈશ્વિક મેક્રો ઈકોનોમિક અને નાણાકીય વાતાવરણમાં પણ આગળ વધી રહ્યું છે. આ અહેવાલમાં જણાવાયું છે કે, ભારતીય અર્થતંત્ર મેક્રો ઈકોનોમિક અને નાણાંકીય સ્થિરતાના વાતાવરણમાં આગામી દાયકામાં વૃદ્ધિના માર્ગને વેગ આપવા માટે યોગ્ય છે. વિદેશી વિનિમય અનામતના રૂપમાં બાહ્ય ક્ષેત્રની મજબૂતાઈ અને બફર્સ સ્થાનિક આર્થિક પ્રવૃત્તિને લીધે વૈશ્વિક સંકટ દૂર થશે. જો કે, ભૌગોલિક રાજકીય તણાવ, ભૌગોલિક આર્થિક વિભાજન, વૈશ્વિક નાણાકીય બજારની અસ્થિરતા, આંતરરાષ્ટ્રીય કોમોડિટીના ભાવની હિલચાલ અને અનિયમિત હવામાન અને વિકાસના દૃષ્ટિકોણ માટે નકારાત્મક જોખમો અને ફુગાવાના દૃષ્ટિકોણમાં જોખમ રહેલું છે. આરબીઆઈએ એ વાત ઉપર પણ ભાર મૂક્યો હતો કે, ભારતીય અર્થતંત્રે એઆઈ/એમએલ (મશીન લર્નિંગ) ટેક્નોલોજીને ઝડપથી અપનાવવા જોઈએ તેમજ રિકરન્ટ ક્લાઈમેટ દ્વારા ઊભા થયેલા પડકારોનો સામનો કરવો પડશે. વાર્ષિક અહેવાલ એ આરબીઆઈના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો વૈધાનિક અહેવાલ છે. રિપોર્ટમાં એપ્રિલ ૨૦૨૩-માર્ચ ૨૦૨૪ સમયગાળા માટે ભારતીય રિઝર્વ બેંકની કામગીરી અને કાર્યોને આવરી લેવામાં આવ્યા છે.

# બોર્ડની ધો. ૧૦-૧૨ની પરીક્ષામાં કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓને સજા કરાઈ

અમદાવાદ, તા.૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગેરરિતી કરતા પકડાયેલા ૬૯૪ વિદ્યાર્થીઓનું હિયરીંગ કરવામાં આવ્યું હતું. હિયરીંગ બાદ વિદ્યાર્થીઓને સજા કરવામાં આવી હતી, જેમાં ૨૧ વિદ્યાર્થીઓનું પરિણામ રદ કરવા ઉપરાંત બે વર્ષ પરીક્ષામાં બેસવા ઉપર પ્રતિબંધની સજા કરવામાં આવી છે. જ્યારે ૪૩૭ વિદ્યાર્થીઓનું જે તે વિષયનું પરિણામ રદ કરવાની સજા કરાઈ છે. જેથી આ વિદ્યાર્થીઓ આગામી જૂનમાં લેવાનારી બોર્ડની પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કેટલાક વિદ્યાર્થીઓ કોપી કરતા જણાતા તેમની સામે કોપી કેસ કરવામાં આવ્યો હતો. દરમ્યાન બોર્ડ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા પરિણામમાં આવા કોપી કરતા પકડાયેલા શંકાસ્પદ ૬૯૪ વિદ્યાર્થીઓનું પરિણામ અનામત રાખવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થી બોર્ડની પરીક્ષા વખતે તથા પરીક્ષા પુર્ણ થયા બાદ CCTV ફુટેજની ચકાસણીમાં કોપી કરતા જણાયા હોવાથી તેમની સામે કોપી કેસ કરવામાં આવ્યા હતા. દરમ્યાન શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓનું હિયરીંગ રાખવામાં આવ્યું હતું. જેમાં ધોરણ૧૦માં પરીક્ષા વખતે વર્ગ ખંડમાં કોપી કરતા પકડાયેલા ૧૫ વિદ્યાર્થીઓ પૈકી ૮ વિદ્યાર્થીઓનું જે તે વિષયનું પરિણામ રદ કરવામાં આવ્યું છે. જ્યારે ૧ વિદ્યાર્થીનું સમગ્ર પરિણામ રદ કરી આગામી પરીક્ષા ન આપવાની સજા કરવામાં આવી છે. જ્યારે ૬ વિદ્યાર્થીનું સમગ્ર પરિણામ રદ કરવા ઉપરાંત આગામી બે પરીક્ષામાંથી બાકાત રાખવાની સજા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે CCTV ફુટેજમાં ૪૧૭ શંકાસ્પદ કેસ જણાયા હતા, જેમાંથી ૨૦૩ને નિર્દોષ જાહેર કરાયા હતા. જ્યારે ૨૦૯નું જે તે વિષયનું પરિણામ રદ કરાયું હતું. ધોરણ-૧૨ સાયન્સમાં ૭ વિદ્યાર્થીઓ પકડાયા હતા, જેમાંથી ૪ વિદ્યાર્થીનું જે તે વિષયનું પરિણામ રદ કરવામાં આવ્યું છે. જ્યારે ૨ વિદ્યાર્થીનું સમગ્ર પરિણામ રદ અને એક વર્ષ પરીક્ષામાંથી બાકાત, તથા ૧ વિદ્યાર્થીનું સમગ્ર પરિણામ રદ કરવા ઉપરાંત બે વર્ષ પરીક્ષામાંથી બાકાતની સજા કરવામાં આવી છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ફુટેજના મળી ૨૪૧ વિદ્યાર્થીઓ સામે કોપી કેસ કરાયા હતા.

# બોલિવૂડની અનેક હસ્તીઓએ પેલેસ્ટીન સાથે એકતા વ્યક્ત કરી

નવી દિલ્હી, તા.૩

મૃતદેહો અને ગંભીર ઈજાઓ સાથેના દૃશ્યો સોશિયલ મીડિયા ઉપર સામે આવ્યા, ત્યારે 'ઓલ આઈઝ ઓન રફાહ' લખાણ સાથેની એક તસ્વીર ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડ થવા લાગી છે.્ પ્રિયંકા ચોપરા જોનાસ, આલિયા ભટ્ટ અને કરીના કપૂર ખાન સહિતની અગ્રણી ભારતીય હસ્તીઓએ રફાહમાં એક કેમ્પ ઉપર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૪૫ લોકો માર્યા ગયા બાદ પેલેસ્ટીન સાથે એકતા દર્શાવી છે. આલિયાએ એક તસ્વીર સાથે ઈન્સ્ટાગ્રામ ઉપર એક સ્ટોરી પોસ્ટ કરી જેમાં લખ્યું હતું કે, 'બધા બાળકો પ્રેમના પાત્ર છે. બધા બાળકો સુરક્ષાને પાત્ર છે. બધા બાળકો શાંતિને પાત્ર છે. બધા બાળકો જીવનને પાત્ર છે અને તમામ માતાઓ તેમના બાળકોને તે વસ્તુઓ આપવા માટે સક્ષમ બનવાને લાયક છે.' '#AllEyesOnRafah.' આ મહિનાની શરૂઆતમાં યુનિસેફ ઈન્ડિયાની રાષ્ટ્રીય રાજદૂત તરીકે જાહેર કરાયેલી કરીનાએ યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઈમરજન્સી ફંડ (યુનિસેફ) પોસ્ટ દ્વારા એક છબી શેર કરી હતી, જેમાં જણાવાયું હતું કે, 'રફાહમાં બોમ્બગ્રસ્ત તંબુઓમાંથી બહાર આવતા સળગેલા બાળકો અને પરિવારોની તસ્વીરો આપણને આંચકો આપે છે.

# લોક અદાલતના માધ્યમ થકી ઝડપી અને ન્યાયીક નિકાલ લાવવા દ્વારકા જિલ્લા મુખ્ય જિલ્લા ન્યાયાધીશની અપીલ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ધી નેશનલ લીગલ સર્વીસીસ ઓથોરીટી એકટ, સુપ્રિમ કોર્ટની અનુશ્રામાં રાષ્ટ્રીય લેવલ ઉપર કાનૂની સેવાના ક્ષેત્રમાં કામ કરતી ઓટોનોમસ બોડી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, તેમજ રાજ્ય કક્ષાએ ગુજરાત હાઈકોર્ટની અનુશ્રામાં કામ કરતી બોડી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ આગામી તા. ૨૨ જૂન જાહેર રજાના દિવસે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલી તમામ અદાલતોમાં આ વર્ષની દ્વિતીય રાષ્ટ્રીય લોક અદાલત તેમજ સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અદાલતમાં ચાલતા હોય તેવા તમામ સમાધાન લાયક સિવિલ તથા ફોજદારી કેસો લગ્ન વિષયક તકરારો, મોટર અકસ્માત વળતર કેસ, દીવાની કેસ, કામદાર વળતર કેસ, મોબાઈલ કંપની સાથેના વિવાદ, ફોજદારી સમાધાન પાત્ર ગુન્હાઓના કેસ, જમીન સંપાદન વળતર કેસ, બેંક રીકવરી કેસ, પેન્શન કેસ, ગ્રાહક સેવા તકરારની બાબતો, વીજ કંપનીના કેસ વિગેરે તમામ કેસો મુકવામાં આવનાર છે. પ્રિ -લીટીગેશન કેસો એટલે આવે કેસો કે જે હજુ સુધી અદાલતમાં આવેલ નથી. તેવા પ્રિ-લીટીગેશન કેસો, જેમાં પબ્લીક યુટીલીટી સર્વિસીસ સાથે સંકળાયેલા કેસો વીજ તથા પાણીના બાકી લેણાંનાં કેસો, ટ્રાફિક ચલણના કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટના કેસો, બેંક રીકવરી કેસો, લેબર ડીસ્પ્યુટસના કેસો વિગેરે કેસો માટે પ્રિ-લીટીગેશન અદાલતનું પણ આયોજન કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલી જુદી-જુદી અદાલતો દ્વારા પેન્ડિંગ તથા પ્રિ -લીટીગેશન મળીને કુલ બે હજારથી વધુ કેસો ફાઈન્ડ આઉટ કરી મુકવામાં આવેલ છે. વધુમાં દેવભૂમિ દ્વારકામાં જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાના જુદા જુદા સ્થળો પર કેમેરા લગાવી, ટ્રાફિકનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકોને ઈ-ચલણ ઈસ્યૂ કરવામાં આવ્યા છે. હાલ સુધી આવા ઈ-ચલણ ન ભર્યું હોય તેવા વાહન ચાલકો વિરુદ્ધ પ્રિ - લીટીગેશન નોટિસ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ઈસ્યૂ કરવામાં આવી છે. જેથી આવા વાહન ચાલકો જો કોર્ટની કાર્યવાહીથી બચવા માંગતા હોય તો તાત્કાલિક ખંભાળિયા ખાતે આવેલ "નેત્રમ " કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર અથવા જિલ્લાની નજીકની ટ્રાફિક શાખા ખાતે તા. ૨૨ ના રોજ આયોજિત નેશનલ લોક અદાલતના દિવસે રૂબરૂ ભરી શકાશે. યોગ્ય કેસ લોક અદાલતના માધ્યમ થકી ખુબજ ઝડપથી પુરો કરાવવા માટે જે તે વિસ્તારમાં નજીકની કોર્ટ તાલુકા કાનૂની સેવા સમિતિ, ખંભાળિયા, ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા અને ઓખામાં સંપર્ક કરવા તેમજ કચેરીના ટેલિફોન નંબર - ૦૨૮૩૩-૨૩૩૭૭૫ ઉપર સંપર્ક કરવા અથવા ઈ - મેઈલ: dlsakhambhalia @ gmail.com મારફતે સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન (મુખ્ય જિલ્લા ન્યાયાધીશ) એસ.વી. વ્યાસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભેસાણ, વિસાવદર અને મેંદરડાની ફેમિલી કોર્ટનો વિસાવદર ખાતે પ્રારંભ

## ત્રણેય તાલુકાના પારિવારીક તકરાર તથા ભરણપોષણના કેસો વિસાવદર કોર્ટમાં ટ્રાન્સફર

(રેનીશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૩

વિસાવદર સહિત ભેસાણ તથા મેંદરડા તાલુકા વચ્ચે ન ગુજરાત હાઈકોર્ટ દ્વારા વિસાવદરમાં ફેમિલી કોર્ટ મંજુર કરેલ હતી અને ગુજરાત સરકારે આ અંગેનું જાહેરનામું બહાર પાડી આ ત્રણેય તાલુકાની કોર્ટમાં ચાલતા ભરણપોષણના કેસો, ચડત ભરણપોષણના કેસો, બાળકોની કસ્ટડી મેળવવાના કેસો, ત્રણેય તાલુકાના લગ્ન હક્ક પુરા કરવાના દાવા, છૂટાછેડાના દાવા, જ્યુડિશિયલ સેપ્રેશનનાના દાવા સહિતની પારિવારિક તકરારો અંગેના કેસો માટે તથા અગાઉથી હુકમો થયેલ હોય તેવી તમામ અપીલો તારીખ ૧ લી જૂનથી વિસાવદર કોર્ટમાં ટ્રાન્સફર કરવા હુકમ કરેલ હતો અને સતાવાર રીતે જાહેર થયા મુજબ જુનાગઢ જિલ્લામાં નવી ત્રણ સહિત ગુજરાતમાં કુલ નવી ૮૦ ફેમિલી કોર્ટનું તા.૦૧.૦૬.૨૦૨૪ના રોજ ઓપનિંગ કરાયું હતું. વિસાવદરમાં ફેમિલી કોર્ટનું ઉદઘાટન થતા વકીલોમાં તથા ત્રણેય તાલુકાની જનતામાં આનંદ ફેલાયો છે અને આ ઓપનિંગ સમયસર થાય તે માટે નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ જૂનાગઢના માર્ગદર્શન હેઠળ વિસાવદર કોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી એસ.એસ. ત્રિવેદી સાહેબ તથા કોર્ટના સ્ટાફ દ્વારા સતત અને ઝડપી કામગીરી કરી માત્ર ત્રણ દિવસ જેટલા સમયમાં કોર્ટરૂમ,સ્ટાફરૂમ સહિતની જનતા અને વકીલશ્રીઓ માટેની કાયમી સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. વિસાવદર બાર એસોસિએશન દ્વારા પણ વિસાવદરમાં ફેમિલી કોર્ટને સહર્ષ વધાવી લઈ મહત્તમ પક્ષકારોને તેના લાભ મળે તેવા પ્રયત્નો શરૂ થયેલ છે. આજના દિવસે વિસાવદર વકીલ મંડળના પ્રમુખ સહિત તમામ સિનિયર-જુનિયર ધરાશાસ્ત્રીઓએ ઉદઘાટનના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉત્સાહભેર હાજરી આપેલ હતી અને નામ. ચીફ જસ્ટિસ ઓફ ગુજરાત સાહેબના વર્ચ્યુઅલ ઉદબોધન બાદ દીપ પ્રાગટય કરી અને મહાત્મા ગાંધીજીને સૂતર અર્પણ કરી ફેમિલી કોર્ટને ખુલ્લી મુકવામાં આવેલ હતી. વિસાવદર બાર એસોસિએશન તથા કોર્ટ સ્ટાફ દ્વારા સમગ્ર કોર્ટ રૂમને શણગારવામાં આવેલ હતો.

આ પ્રસંગે મુખ્ય ન્યાયાધીશ એસ.એસ.ત્રિવેદી તથા વિસવાદરના સિનિયર ધારાશાસ્ત્રીશ્રીઓ દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદબોધન કરવામાં આવેલ હતું. આ પ્રસંગને લઈને વિસાવદર બાર એસોસિયેશનના તમામ હોદેદારો તથા સિનિયર તથા જુનિયર વકીલો,મહિલા વકીલો તથા ત્રણેય કોર્ટના સ્ટાફમાં ખૂબ આનંદ તથા ઉત્સાહ જણાઈ આવતો હતો.

# કેશોદ જલારામ મંદિરે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

(પ્રતિનિધી દ્વારા)

કેશોદ તા.૩

કેશોદનાં આંબાવાડી વિસ્તારમાં આવેલ જલારામ મંદિરે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટનાં સહયોગથી નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.

જલારામ મંદિરનાં ટ્રસ્ટી દીનેશભાઈ કાનાબારનાં જણાવ્યા મુજબ કેશોદ જલારામ મંદિર ખાતે છેલ્લા ઘણા વર્ષથી યોજાતા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પમાં અત્યાર સુધીમાં ૩૧૬ જેટલાં નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યાછે જેમાં લગભગ ૨૨૫૨૪ જેટલાં મોતિયાના દર્દીના ફ્રી ઓપરેશન રણછોડ દાસજી હોસ્પિટલ રાજકોટ દ્વારા કરવામાં આવેલછે જેથી લોકોને લાખો રૂપિયાની રાહત થયેલ છે. જલારામ મંદિરે પહેલા અને ત્રીજા રવિવારે વર્ષોથી રણછોડદાસજી આશ્રમ ટ્રસ્ટ રાજકોટના સહયોગથી નેત્ર નિદાન કેમ્પ રાખવામાં આવે છે. કેમ્પની શરૂઆત કેમ્પના પ્રસાદ ભોજન દાતા જગમાલભાઈ નંદાણીયા , માલદેભાઈ નંદાણીયા જલારામ મંદિરનાં ટ્રસ્ટી દિનેશ કાનાબાર ડો સ્નેહલ તન્ના મહાવીર સિંહ જાડેજા ડો પરિતોષ પટેલ. ડો ભૂમિ સહીત ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લો મુકવામાં આવેલ. નેત્ર નિદાન કેમ્પમાં ૧૫૪ જેટલા દર્દીઓને ડોક્ટર પરિતોશ પટેલ તથા શ્વેતા પટેલ દ્વારા તપાસીને ૫૨ દર્દીઓને બસ દ્વારા ઓપરેશન માટે રાજકોટ રણછોડદાસજી હોસ્પિટલમાં મોકલવામાં આવેલા હતા. તેમજ ડૉ ભૂમિ વણપરિયાએ સાંધાના દુઃખાવા સાયટિકા વગેરેની સારવાર નિઃશુલ્ક આપી હતી.

અશ્વિન ભાઈ પટેલ દક્ષાબેન મહેતા મામલતદાર ત્રિવેદી સાહેબ દ્વારા દર્દીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું કેશોદ જલારામ મંદિર દ્વારા જલારામ બાપાના આદર્શો સાથે કરવામાં આવતી દરેક સેવાઓ નિઃશુલ્ક કરવામાં આવેછે તેમજ દરરોજ સાંજનું અન્નક્ષેત્ર પણ ચલાવવામાં આવેછે જેમાં ૭૦ થી ૮૦ જરૂરીયાતમંદ લોકો સાધુસંતો નીરાધારોને ભોજન આપવામાં આવેછે માધાભાઈ બોરિયા સુરેશભાઈ દ્વારા દર્દીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# કેશોદમાં ભારત વિકાસ પરિષદ દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિતે ચિત્ર તથા નિબંધ સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધી દ્વારા)

કેશોદ તા.૩



ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે તેના મુખ્ય કાર્યોમાં સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા તેમજ સમર્પણ રહેલા છે. ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા છેલ્લા ૨ વર્ષ થી કલ્પવૃક્ષ યોજના અંતર્ગત ૭૦૦ ઉપરાંત વૃક્ષો વાવવામાં આવ્યા છે અને પર્યાવરણ ને માટે કઈક કરવાની ખેવના સાથે ૫ જુન નો દિવસ એટલે વિશ્વ પર્યાવરણ દિવસ એના અનુસંધાને આજરોજ ભારત વિકાસ પરિષદ દ્વારા બાળકો , યુવાનોમાં જાગૃતિ આવે અને વિશ્વમાં પર્યાવરણની પરિસ્થિતિ દિવસે દિવસે બદતર થતી જાય છે ભારત પણ આ ઉનાળાની કાળઝાળ ગરમી નો અનુભવ કરી ચૂક્યું છે તેનાથી અવગત થાય તે માટે ૫ થી ૧૫ વર્ષના બાળકો અને યુવાનો માટે પર્યાવરણ નાં વિષય સાથે નિબંધ તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૬૦ જેટલાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સંસ્થાની પ્રણાલી મુજબ વંદેમાતરમ થી કરવામાં આવી હતી ત્યાર બાદ સંસ્થાના સ્થાપક પ્રમુખ ડો સ્નેહલ તન્ના, પ્રમુખ મહાવીર સિંહ જાડેજા, સચિવ દિનેશ કાનાબાર, સમીર કણસાગરા,પૂર્વ મામલતદાર ત્રિવેદી સાહેબ અને કારોબારી સભ્યો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ, સંસ્થાના પ્રમુખ મહાવીર સિંહ જાડેજા દ્વારા મહેમાનોનું શબ્દો થી સ્વાગત કરવામાં આવ્યું હતું જગમાલભાઈ નંદાણીયા દ્વારા આજની પર્યાવરણની જાળવણીનું મહત્વ વિશે જાણકારી આપી હતી જે એસ ધોળકિયાએ પર્યાવરણ દિવસની ઉજવણીથી લોકોમાં પર્યાવરણ વિશે જાગૃતિ આવે બાળકોને અત્યારથી જાગૃતિ કરવામાં આવે તે હેતુથી ભારત વિકાસ પરિષદ દ્વારા નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા નું આયોજન થયું હતું. કેશોદના જલારામ મંદિર પાસે આવેલ દશનામ ગૌસ્વામી સમાજ ખાતે રાખવામાં આવેલ આ કાર્યક્રમ નું સંચાલન આર. પી. સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું આભાર વિધિ પ્રો જીતેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમને સફળ બનાવવા સંદીપ ઠકરાર, વિજય મહેતા કાળુભાઈ ઠકરાર ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ ગેમ ઝોનમાં મૃત્યું પામેલા હતભાગીઓને રાજકોટની સામાજિક સેવા સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

રાજકોટના ટી.આર.પી. ગેમ ઝોનમાં ગત સપ્તાહમાં સર્જાયેલી કરૂણાંતિકામાં નિધન પામેલા મૃતાત્માઓને અંજલિ અર્પવા માટે રાજકોટની સેવાભાવી સંસ્થા જલારામ માનવ સેવા મંડળ અને ફેમિના કલબ દ્વારા તાજેતરમાં ભારત સેવક સમાજ ખાતે શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરુઆત બે મિનિટનું મૌન પાળીને કરવામા આવી હતી. ત્યાર બાદ ફેમિના કલબ પ્રેસિડેન્ટ હીનાબેન પોપટ, જીમીભાઈ અડવાણી, વિજયભાઈ કારીયા, જયંતિભાઈ કાલરીયા, અશોકભાઈ હિન્ડોચા, અશોકભાઈ મીરાણી, આશિષભાઈ પૂજારા, બિમલભાઈ પોપટ, કિરીટભાઈ ભીમજીયાણી સહિતના મહાનુભાવોએ શાબ્દિક શ્રદ્ધાંજલિ આપી હતી. આ આયોજનમાં અરુણભાઈ દવે દ્વારા શબ્દાંજલિ આપીને હવે આ પ્રકારના બનાવ ટાળવા માટે શું શું કરવુ જોઈએ તેની સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જાણીતા સિંગર દિવ્યાબેન બુધ્ધદેવ દ્વારા ભાવાંજલિ બાદ રઘુવંશી અગ્રણી રીટાબેન કુંડલીયા, કમલાબેન ભાગ્યોદય, બિંદીયાબેન અમલાણી, રોનકબેન પારેખ, જ્યોતિબેન સેતા માનસીબેન શિંગાળા, હેમાબેન ધામેચા, ફેમિના કલબના હીનાબેન પોપટ, રુપલબેન કક્કડ, કરુણાબેન સોમૈયા અને હેતલબેન ઠાકર અને વાણંદ સમાજ અગ્રણી ભાવનાબેન કલોલા સાથે ઉપસ્થિત રહેલા ફેમિના કલબ તમામ સદસ્યો ભાવવિભોર બન્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રઘુવંશી અગ્રણી અશોકભાઈ હિન્ડોચાએ કર્યુ હતું. આ આયોજન માટે જય જલારામ માનવ સેવા મંડળના જેકીભાઈ રઘુવંશી, હીનાબેન પોપટ, અલ્પેશભાઈ કોટક અને પરાગભાઈ મજીઠીયાએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.




# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હથિયાર બંધી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવો બનવા ન પામે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એક હુકમ પ્રસિધ્ધ કરી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૫ થી ૪ જુલાઈ સુધી શસ્ત્ર, દંડ, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા કોઈ પણ પ્રકારના શારીરિક ઈજા કરી શકાય તેવા શસ્ત્રો અને ક્ષયકારી કે સ્ફોટક દારૂગોળો લઈ જવા, મનુષ્ય અથવા તેના શબ કે અન્ય આકૃતિઓ અથવા પુતળા દેખાડવા ઉપર, અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા અને ટોળામાં ફરવા ઉપર કે પથ્થરો ફેકી શકય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા જેવા કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આ પ્રતિબંધ અધિકૃત પરવાનગી ધરાવનારાઓને લાગુ પડશે નહીં. આ પ્રતિબંધનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે તેમ વધુમાં જણાવાયું છે.

# કલ્યાણપુર પંથકમાંથી અનધિકૃત રીતે દરિયાઈ રેતી ભરીને જતું ટ્રેક્ટર ઝડપાયું





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

કલ્યાણપુર ના પી.એસ.આઈ. યુ.બી. અખેડ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન કલ્યાણપુર તાબેના ગાંગડી ગામથી ગાંધવી (હર્ષદ) તરફ જતા કાચા રસ્તેથી પસાર થતાં જી.જે. ૦૯ ઈ ૯૭૨૫ નંબરના એક ટ્રેક્ટરને અટકાવી, ચેકિંગ કરતા આ ટ્રેક્ટરમાં દરિયાઈ રેતી હોવાનું ખુલવા પામ્યું હતું. આના અનુસંધાને આ ટ્રેક્ટરના ચાલક રાજુ નાગાભાઈ વાઘેલા (ઉ.વ. ૨૧, રહે. ગાંધવી) ની પૂછપરછ કરતા આ ટ્રેક્ટરમાં રહેલી દરિયાઈ રેતી અંગેના કોઈ આધાર પુરાવા તેની પાસે ન હતા. આથી ટ્રેક્ટરની ટ્રોલીમાં રહેલી આશરે ચાર ટન જેટલી ગેરકાયદેસર દરિયાઈ રેતી (ખનીજ)નો જથ્થો કબજે લઈ અને આ અંગેની આગળની કાર્યવાહી થવા માટે દેવભૂમિ દ્વારકા ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી કલ્યાણપુરના પી.એસ.આઈ. યુ.બી. અખેડ સાથે સ્ટાફના વી.કે. પોસ્તરીયા, મયુરભાઈ, હરદાસભાઈ અને સુમાતભાઈ દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયામાં દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો : એક ફરાર : રૂા.૨.૦૬ લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા તાલુકાના બેહ ગામે આવેલી ઉગમણી વાડી વિસ્તારમાં રહેતા લાખા મંગાભાઈ સંધીયા નામના ૪૪ વર્ષના શખ્સ દ્વારા પોતાની જી.જે. ૦૩ સી.ઈ. ૯૮૧૦ નંબરની સ્વીફ્ટ મોટરકારમાં રાખવામાં આવેલો ૫૦ લિટર દેશી દારૂનો જથ્થો પોલીસે કબજે કર્યો હતો. આ પ્રકરણમાં પોલીસે રૂપિયા બે લાખની કિંમતની મોટરકાર, રૂપિયા ૧,૦૦૦ ની કિંમતનો દારૂનો જથ્થો તેમજ રૂા.૫,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૨.૦૬ લાખના મુદ્દામાલ સાથે આરોપી લાખા મંગા સંધીયાની અટકાયત કરી હતી.

આ પ્રકરણમાં અન્ય એક આરોપી હરદેવસિંહ જાડેજા (રહે. ગઢકા, તા. કલ્યાણપુર)નું નામ પણ ખુલવા પામ્યું છે. જે અંગે પોલીસે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ એ.એસ.આઈ. આર.પી. મેવાડાએ હાથ ધરી છે.

# કલ્યાણપુર નજીક કારની અડફેટે બાળાનું કરૂણ મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩



કલ્યાણપુર નજીકના બાયપાસ પાસે ગઈકાલે રવિવારે સાંજે એક મોટરકારે દસ વર્ષીય બાળાને અડફેટે લેતા આ બાળાનું ઘટના સ્થળે કરૂણ મૃત્યું નીપજ્યું હતું. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુરથી આશરે દસેક કિલોમીટર દૂર લાંબા બાયપાસ પાસે રવિવારે સાંજે આશરે સવા ચાર વાગ્યાના સમયે એક પરિવારની આશરે ૧૦ એક વર્ષની પુત્રી જઈ રહી હતી, ત્યારે આ માર્ગ ઉપર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા મારુતિ સ્વિફ્ટ મોટરકારના ચાલકે આ બાળાને ઠોકર મારી હતી. આ ટક્કર બાળા માટે જીવલેણ નીવડી હતી અને તેણીનું ઘટના સ્થળ ઉપર જ કરૂણ મૃત્યું નીપજ્યું હતું. બનાવ બાદ બાળાના મૃતદેહને કલ્યાણપુરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. આ બનાવ બનતા મૃતક બાળાના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

# દ્વારકાના બે હોટેલ સંચાલકો સામે જાહેરનામા ભંગ સબબ કાર્યવાહી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

દ્વારકામાં આવેલી હોટલ લોર્ડ ક્રિષ્નાના સંચાલક જીગર ચંદ્રેશભાઈ તારવાણી તથા હોટલ લક્ષ્મીના સંચાલક રવિ બુધાભા વાઘેલાએ પોતાની હોટલમાં આવતા યાત્રીકો અંગેની નોંધ કાઉન્ટર ઉપરના રજીસ્ટરમાં કરી હતી. પરંતુ સરકારના નિયમ મુજબ પથિક સોફ્ટવેરમાં તે અંગેની ઓનલાઈન એન્ટ્રી ન કરી અને જાહેરનામાનો ભંગ કરવા સબબ દ્વારકા પોલીસે ઉપરોક્ત બંને આસામીઓ સામે આઈ.પી.સી. કલમ ૧૮૮ મુજબ કાર્યવાહી કરી હતી.


Bandhan Bank | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**સાંકેતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી અશ્વિનભાઈ મગનભાઈ કારાવડીયા શ્રીમતી પ્રીતિબેન અશ્વિનભાઈ કારાવડીયા ૨૦૦૦૨૦૩૦૦૧૦૨૮૨ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે રેવન્યુ સર્વે નં.૩૩૩/૧ અને ૩૩૩/૨, પ્લોટ નં.૨૦/ભાગ, સરદાર નગર, હીરો શોરૂમ પાછળ,રેલ્વે સ્ટેશન સામે, માળીયા હાટીના, મોજેઃ માળીયા, જિલ્લોઃ જૂનાગઢ, ગુજરાત-૩૬૨૨૪૫ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ વોકલો, પૂર્વઃ કોમન પ્લોટ અને વોકલો, પશ્ચિમઃ રોડ, દક્ષિણ : ભાવનાબેન કિશોરભાઈ વરાની મિલકત જમીન | ૦૧.૦૩.૨૦૨૪ | ૩૧.૦૫.૨૦૨૪ | ૩,૭,૨૪,૬૬૬.૦૩ |

સ્થળઃ જૂનાગઢ
તારીખઃ ૦૩/૦૬/૨૦૨૪

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ


CMYK CMYK CMYK

# જૂનાગઢ લોકસભા બેઠકની ૧૨૮ ટેબલ ઉપર વિધાનસભા મત વિસ્તાર પ્રમાણે મતગણતરી થશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢ લોકસભા બેઠકની મતગણતરી આડે હવે કલાકો બાકી રહ્યા છે. આવતીકાલે તા.૪ જુનના કૃષિ યુનિવર્સિટીની એન્જિનિયરિંગ કોલેજ ખાતે ૧૨૮ ટેબલ ઉપર મત ગણતરી થશે. આ માટે ૫૫૦થી વધુ કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. જૂનાગઢ લોકસભા બેઠકની સાત વિધાનસભા અને પોસ્ટલ બેલેટ મળી કુલ ૧૨૮ ટેબલ ઉપર માઈક્રો ઓબ્ઝર્વર, કાઉન્ટીંગ આસિસ્ટન્ટ સહિત ૫૫૦થી વધુ કર્મચારીને ફરજ સોંપવામાં આવી છે.

આ સાતેય વિધાનસભા મતક્ષેત્રોમાં કુલ ૧૩૬ રાઉન્ડમાં ગણતરી કરાશે. દરેક વિધાનસભામાં કુલ ૧૪ ટેબલ અને પોસ્ટલ માટે ૩૦ ટેબલ મળી કુલ ૧૨૮ ટેબલ ઉપર મત ગણતરી હાથ ધરાશે. મત ગણતરીમાં સૌપ્રથમ પોસ્ટલ બેલેટની ગણતરી થશે. તેમાં કાઉન્ટીંગ સુપરવાઈઝર, મદદનીશ માઈક્રો ઓબ્ઝર્વર અને એઆરઓ સહિત સ્ટેન્ડ બાય રહેશે. જૂનાગઢ લોકસભા બેઠકમાં કુલ ૧૮૪૭ ઈવીએમ માટે અલગ-અલગ રાઉન્ડમાં ગણતરી થશે. તેમાં જૂનાગઢ-વિસાવદર બેઠક માટે ૨૧, ઉના-૨૦, સોમનાથ, તાલાળા અને કોડીનાર ૧૯ અને સૌથી ઓછા માંગરોળ બેઠક માટે ૧૭ રાઉન્ડમાં મત ગણતરી થશે.

# જૂનાગઢમાં જર્જરિત વિશાલ ટાવરના ઉપરનાં ૬ માળને ઉતારી લેવા કાર્યવાહી શરૂ

## જવાહર રોડ ઉપર બેરીકેડ, પતરાના શેડ બનાવીને રસ્તો વન-વે કરાયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢમાં કાળવા ચોકથી જવાહર રોડ તરફ જતા માર્ગ ઉપર વિશાલ ટાવર નામે ૧૦ માળનું જર્જરિત બિલ્ડીંગ વર્ષોથી ઉભું છે. ત્યારે આગામી ચોમાસાને ધ્યાને લઈને મહાપાલિકા દ્વારા આ જર્જરિત ઈમારતની ૨૦ જેટલી દુકાનોને ખાલી કરાવીને સીલ કરવામાં આવી છે. બિલ્ડીંગના ઉપરના ૬ માળને ઉતારી લેવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે. આશરે ૪૦ વર્ષ પહેલા જવાહર રોડ ઉપર ખડકાયેલા વિશાલ ટાવરના ઉપરના અડધો અડધ માળ જર્જરિત થયેલા છે અને તેને મનપા દ્વારા અવાર-નવાર ઉતારી લેવા માટે નોટિસો આપવા છતાં કોઈપણ પ્રકારનું ધ્યાન આપવામાં નહીં આવતા અંતે મનપાએ ટેન્ડર ઈસ્યુ કરીને આ બિલ્ડીંગને ઉતારી લેવા માટે એક એજન્સીને કામ સોંપી દીધુ છે. ત્યારે આ વિશાલ ટાવરને ઉતારી લેવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. સૌ પ્રથમ પોલીસ બંદોબસ્ત સાથે તંત્ર દ્વારા અહી બિલ્ડીંગને ફરતા બેરીકેડ મારીને રસ્તાની વચ્ચે પતરાના શેડ ઉભા કરવામાં આવ્યા હતા અને જયાં સુધી કામ ચાલું રહેશે ત્યાં સુધી આ માર્ગ વન વે રહેશે અને જરૂર પડયે આ રસ્તો વાહનોની અવર-જવર માટે સાવ બંધ પણ કરવામાં આવશે. પતરાના શેડ કરીને રસ્તાની અવર-જવર બંધ કરવા કવાયત શરૂ કરવામાં આવી છે. આ કામગીરી આશરે એકાદ મહિના સુધી ચાલે તેવું જણાઈ આવ્યું છે. ૧૦ માળની બિલ્ડીંગના ઉપરના ૬ માળ સાવ જર્જરિત થયેલ હોય અને માળને ઉતારવા માટે મનપા દ્વારા અહીંના ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલી ૨૦ જેટલી દુકાનોને ખાલી કરાવીને સીલ કરી દેવામાં આવી છે. આમ વર્ષોથી માત્ર નોટિસ આપવામાં આવી રહી હતી પરંતુ આખરે મનપાએ રાજકોટની ઘટના બાદ એકશન મોડમાં આવીને આ ઈમારતને આખરે ઉતારવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત જૂનાગઢ મહાપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે જર્જરિત ઈમારતોને ઉતારી લેવા માટે ૪૦ જેટલી નોટિસો ઈસ્યુ છે. જેમાં પ્રાથમિકતામાં આવતી ત્રણ મોટી ઈમારત જે જાહેર માર્ગ ઉપર હોય અને રસ્તા ઉપર અવર-જવર કરતા વાહન ચાલકો માટે જોખમી હોય તેવી ઈમારતોને તાકીદે ઉતારી લેવા કવાયત શરૂ કરવામાં આવી છે. વિશાલ ટાવર ઉપરાંત મનપાએ દાતાર રોડ ઉપર આવેલ સત્યમ એપાર્ટમેન્ટ અને રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ અજય એપાર્ટમેન્ટને નોટિસ આપવામાં આવી છે.

# જયરાજસિંહના પુત્ર ગણેશને પકડવા પોલીસના ઠેર-ઠેર દરોડા : ત્રણ આરોપીને ઝડપી લેવાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢ જીલ્લા અનુસુચીત જાતિના પ્રમુખ રાજુભાઈ સોલંકીના પુત્ર સંજય સોલંકી(ઉ.વ.૨૬)(શહેર એનએસયુઆઈ પ્રમુખ)નું અપહરણ કરીને ગોંડલ ગણેશગઢમાં ઢોર માર મારી નગ્ન કરી વિડીયો ઉતારી હત્યાની કોશિષ કરવાના ગુનામાં ફરાર પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ જાડેજા સહિતના ૧૧ આરોપીઓને પકડવા માટે જીલ્લાની પાંચ ટીમોએ ઠેર-ઠેર દરોડા પાડ્યા છે. પોલીસે ત્રણ આરોપીને હસ્તગત કર્યા અને તેની પુછતાછના આધારે અન્યની ધરપકડ કરવામાં આવશે. ગત તા.૩૦ મેંના રોજ રાતે જૂનાગઢના કાળવા ચોકથી આ ઘટનાક્રમની શરૂઆત થયેલ હતી. મોડી સાંજે સંજય સોલંકી પોતાના પુત્ર સાથે બાઈક ઉપર ઘર તરફ જતો હતો ત્યારે પાછળથી અચાનક કાળા કલરની સ્કોર્પિયો કાર આવીને બ્રેક મારતા પથ્થર ઉડીને વાગ્યો હતો. જેથી સંજયે કાર ચાલકને કાર વ્યવસ્થિત ચલાવવાનું કહ્યું તેના કારણે ઝગડો થયો હતો.

બાદમાં દાતાર રોડ ઉપર સંજય તેના ઘરે પહોંચ્યો ત્યે કારમાં ધારાસભ્યનો પુત્ર ગણેશ જાડેજા બેઠો હતો. જે જોઈને સંજયના પિતા રાજુભાઈ સોલંકીએ તે સમયે સમાધાન કરાવીને બધાને રવાના કરી દીધા હતા. પરંતુ બાદમાં મોડી રાતે સંજય જયારે બાઈક ઉપર ઘરે આવી રહ્યો હતો ત્યારે પાછળથી ત્રણ કારમાં આવેલ ગણેશ સહિતના ૧૧ શખ્સોએ સંજયનું અપહરણ કરીને ગોંડલ તરફ લઈ ગયા અને ત્યાં એક અવાવરૂં જગ્યાએ બાદમાં ગણેશગઢમાં લાવીને ઓફિસમાં નગ્ન કરીને વિડીયો ઉતારી મારી નાખવાની ધમકી આપી કારમાં બેસાડી ભેંસાણ ચોકડીએ ઉતારી ગયા હતા. આ ઘટના પછી ગણેશ જાડેજા સહિત ૧૧ શખ્સો સામે એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તા.૩૧ને સવારે ૯:૩૦ કલાકે હત્યાની કોશિષ, આર્મસ એકટ, એટ્રોસિટી સહિતની કલમો અન્વયે ગુનો નોંધવામાં આવ્યો હતો અને ફરિયાદ નોંધાયાના બીજા દિવસે તા.૧ના રોજ સમસ્ત અનુસુચિત જાતી સમાજના આગેવાનો અને લોકોએ કલેકટર કચેરી આવીને બપોરે કલેકટર અને એસપીને આવેદનપત્ર આપ્યું હતુ અને આરોપીઓ સામે કાવતરૂ રચવા અંગે અને ગુજસીટોક અન્વયેની કલમોનો ઉમેરો કરવામાં આવે અને આરોપીઓને તાકીદે ધરપકડ કરવામાં આવે તેવી માંગણી કરી હતી. ઘટના ગંભીર હતી, હત્યાની કોશિષ અને એટ્રોસિટીની કલમો અન્વયે કેસની તપાસ એસસીએસટી સેલના ડીવાયએસપી જે.કે. ઝાલાને સોંપવામાં આવી હતી. એસપી હર્ષદ મહેતાએ આરોપીઓને પકડવા માટે તાકીદે પાંચ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જેમાં એલસીબી, એસઓજી, ડીવાયએસની ટીમ, એ ડીવીઝન ડી સ્ટાફ તેમજ ટેકનીકલ ટીમ વડે આરોપી સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા અને ઠેર-ઠેર દરોડા પાડયા હતા. એસઓજી ટીમે ઘટનાના દરેક રૂટના સીસીટીવી કબ્જે કરીને તપાસ શરૂ કરી અને બે ટીમ ગોંડલ મુકામે આરોપીઓને પકડવા માટે એસઆર ખાતે મુકવામાં આવી હતી. ત્યારે આ ઘટનામાં ત્રણ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. અન્ય આરોપીઓને પકડવા માટે તેમની પુછતાછ ચાલી રહી હોવાનું તપાસનીશ અધિકારીએ જણાવ્યું હતું.

# જૂનાગઢમાં યુવક સાથે સૃષ્ટી વિરૂધ્ધનાં કૃત્યનો વિડીયો ઉતારનાર ૪ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢના ગલીયાવાડના એક રિક્ષા ચાલક યુવાન સાથે ચાર શખ્સોએ સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરવાનો પ્રયાસ કરતો વિડીયો ઉતારીને ખિસ્સામાંથી ૫૦૦ રૂપીયા કાઢી લઈને ૨૦ હજારની માંગણી કરી હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાતા પોલીસે ગુનો નોંધીને ચારેય આરોપીને ઝડપી લીધા છે. આ બનાવ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢના ગલીયાવાડ ગામમાં રહેતા રીક્ષા ચાલક અફસાજ અબ્દુલ સીડા(ઉ.વ.૨૪) નામના યુવાને વીડી લોલાડીયા, શાહનવાજ કોલીયા(ઉપલેટા), વારીશ બુખારી(ધોરાજી), અસ્લમ બુખારી(જામનગર) નામા ચાર શખ્સો સામે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે તા.૩૧ના રોજ સાંજના અફસાજને મોબાઈલમાં બ્લુ એન્ડ લાઈફ નામની એપ્લીકેશનથી વીડી લોલાડીયા સાથે વાતચીત થયેલ અને અફસાજને મળવા બોલાવ્યો હતો. જેથી અફસાજ મળવા ગયેલ ત્યારે તેને હોટેલે ચા-પાણી પીવડાવ્યા હતા. બાદમાં વીડી તેને બાઈક ઉપર બેસાડીને ગલીયાવાડ નજીક આવેલ નદીના પુલ નીચે લઈ જઈને કપડા ઉતારી સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરવાની માંગણી કરી હતી. તે સમયે અચાનક અન્ય આરોપીઓ શાહનવાજ, વારીશ અને અસ્લમ આવી ગયેલા અને તેઓ બધા આરોપીઓને અફસાજને ગાળો આપીને ઢીકાપાટુનો માર મારીને બાઈકમાં બેસાડીને વડાલ પાસે આવેલા જુના મંદિરે લઈ ગયેલા હતા. ત્યાં બળજબરીથી ખિસ્સામાંથી ૫૦૦ રૂપીયા કાઢી લઈને શાહનવાજે ગળા ઉપર છરી રાખીને અફસાજના કપડા ઉતારી વીડી સાથેનો સૃષ્ટી વિરૂધ્ધનો કૃત્ય કરતા હોય તેવો વિડીયો ઉતારીને તે વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ૨૦ હજાર રૂપીયાની માંગણી કરીને મારી નાખવાની ધમકી દીધાની ફરિયાદ તાલુકા પોલીસમાં નોંધાવતા પોલીસે તપાસ કરી હતી અને આ કેસમાં સંડોવાયેલા વિશાલ ઉર્ફે વીડી રાયમલ લોલાડીયા(ઉ.વ.૨૧) રહે.જામનગર, અસ્લમ અબ્દુલ બુખારી(ઉ.વ.૨૯) રહે.જામનગર, હુશેનમિયા ઉર્ફે વારીસ વાહીદમીયા મટારી(ઉ.વ.૨૫) રહે.ધોરાજી, શાહનવાજ ઉર્ફે નવાબ જાવીદ કોલીયા(ઉ.વ.૨૧) રહે.ઉપલેટા નામના ચાર શખ્સોને ઝડપી લઈને તેની પાસેથી ૫૦૦ રોકડા, બે બાઈક, ૪ મોબાઈલ, એક છરી સહિતનો ૬૦,૫૧૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# ભેંસાણનાં હડમતીયા ગામે જમીન બાબતનાં મનદુ:ખમાં મારમારી : સામસામી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩

ભેંસાણ તાલુકાખાં ખાખરા હડમીયા ગામનાં રહીશ (હાલ રાજકોટ) હરીકૃષ્ણ વિનુભાઈ વેકરીયાએ પ્રવિણભાઈ નરશીભાઈ વેકરીયા (રાજકોટ), રમેશભાઈ હરખાણી (રાજકોટ), પ્રભાબેન હરખાણી (રામપુર), મનીષભાઈ સાવલીયા (મોરવાડા), રસીલાબેન સાવલીયા (મોરવાડા), નિમુબેન સખવાળા (મોટાઉજળા), વિઠ્ઠલભાઈ સખવાળા (મોટાઉજળા) વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીનાં પિતાજી અને તેમનાં કાકા આરોપી નં. ૧વાળાને વડીલો પાર્જીત મિલકત વહેંચણી બાબતે માથાકુટ ચાતી હોય જે બાબતનું મનદુ:ખ રાખી ફરીયાદીનાં કાકા પ્રવિણભાઈ વેકરીયા તથા રમેશભાઈ હરખાણી તથા પ્રભાબેન હરખાણી, મનીષભાઈ સાવલીયા, રસીલાબેન સાવલીયા, નમુબેન સખવાળા, વિઠ્ઠલભાઈ સખવાળા એમ બધા ફરીયાદીનાં ઘરે જઈ મિલકત બાબતે બોલાચાલી કરી ઝગડો કરી ઉપરોકત બધાએ ફરીયાદીને વારાફરતી ભુંડી ગાળો આપી વારાફરતી જઈ ફરીયાદીને મુંઢ માર મારી અને આરોપી નં. ૨વાળાએ પાટલા વડે માર મારી ફરીયાદીને શરીરે ઈજાઓ પહોંચાડી અને તમામ આરોપીઓ એકબીજાને મદદગારી કરી હોવાની ફરીયાદ ભેંસાણ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જયારે સમાપક્ષે પ્રવિણભાઈ નરશીભાઈ વેકરીયાએ વિનુભાઈ વેરીયા, હરીકૃષ્ણ વિનુભાઈ વેકરીયા, વિજયાબેન વિનુભાઈ વેકરીયા, સ્વાતીબેન હરીકૃષ્ણ વેકરીયા, સપનાબેન વિનુભાઈ વેકરીયા સાથે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીનાં વડીલો પાર્જીત જમીન મકાન ખખરા હડમતીયા ગામે આવેલ હોય જે ફરીયાદીનાં ભાગનાં મકાનમાં તેનાં મોટાભાઈએ ગેરકાયદેસર કબ્જો કરી લીધેલ હોય અને મારા ભાગની વાતચીત કરવા માટે ફરીયાદી અને સાહેદો એકઠા થયેલ હોય અને ફરીયાદીનાં મોટાભાઈ વિનુભાઈ અને હરીકૃષ્ણ આવેલ અને કહેવા લાગેલ કે અહીં શું કામે આવેલ છો તેમ કહી ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ફરીયાદી સાથે અને સાહેદ રમેશ સાથે ઝપાઝપી અને ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને ફરીયાદીનાં ભાભી વિજયાબેને પણ ગાળાગાળી કરવા લાગેલ અને ફરીયાદી અને સાહેદો ત્યાંથી નીકળતા હરીકૃષ્ણની પત્ની સવીતાબેન અને નિલેશની પત્ની સપનાબેન પણ ફરીયાદીની બહેનો સાહેદને ભુંડી ગાળો આપી બીજી વખત અહી આવ્યા છો તો ટાંટીયા ભાંગીને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપેલ હોય આમ ઉપરોકત પાંચેય શખ્સોએ વારાફરતી ફરીયાદી તથા સાહેદોને ભુંડી ગાળો આપી અને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાની ફરીયાદ નોંધાવતાં ભેંસાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં રાત્રે કમિશ્નર ચેકિંગમાં નીકળ્યા : ૧૨ વેપારીને દંડ ફટકાર્યો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરમાં મ્યુ. કમિશ્નર દ્વારા રાતના સમયે અચાનક સરપ્રાઈઝ ચેકિંગમાં નીકળ્યા હતા અને શહેરમાંથી પસાર થતા વોકળાની મુલાકાત લીધી હતી અને અમુક જગ્યાએ વોંકળામાં કચરો નાખતા ૧૨ જેટલા વેપારીઓને દંડ ફટકારીને દંડ વસુલ કરવામાં આવ્યો હતો. જૂનાગઢ મ્યુ. કમિશ્નર ડો. ઓમ પ્રકાશએ છેલ્લા કેટલાક દિવસોથી ફાયર એનઓસી અને બીયુ સર્ટીફિકેટ લઈને તેમજ જર્જરિત ઈમારતને લઈને કડક કામગીરી શરૂ કરી છે. ત્યારે મ્યુ. કમિશ્નર મોડી રાતે શહેરમાં સરપ્રાઈઝ ચેકિંગમાં નીકળ્યા હતા અને જયાં જયાંથી વોંકળા પસાર થયા છે ત્યાં સ્થળ નિરીક્ષણ કર્યું હતું અને સેનીટેશન સુપ્રિટેન્ડેડ ટોલીયા, સેનીટેશન સુપરવાઈઝર અને વોર્ડ એસઆઈને કડક કામગીરી કરવા સુચના આપવામાં આવી હતી.

આ સ્થળોમાં જયાં જયાં વોંકળામાં કચરાનો નિકાલ કરતા હોય તેવા રેલ્વે સ્ટેશન ચોક અને દોલતપરા રાજકોટ રોડ ઉપરથી આશરે ૧૨ જેટલા વેપારીઓ પાસેથી ૧૬,૬૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. આ કામગીરીથી વોંકળામાં કચરો ફેંકતા અને રોડ ઉપર ગંદકી ફેલાવનારામાં ફફડાટ વ્યાપી ગયો છે. મનપા દ્વારા યુધ્ધના ધોરણે શહેરના તમામ વોંકળાની સફાઈ ચાલી રહી છે ત્યારે આવા તત્વો શહેરના વોકળા તથા અન્ય સ્થળોએ ગંદકી ફેલાવતા જણાશે એમની સામે કડકમાં કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવનાર છે.

# જૂનાગઢ ઓપન જેલ સામેથી વાહન ચોર બાઈક સાથે ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢમાં પોલીસે ઓપન જેલ સામેથી ગોંડલ પંથકના વાહન ચોરને ચોરીના બાઈક સાથે ઝડપી લીધો હતો. આ અંગે પોલીસમાંથી મળતી માહિતી અનુસાર પોલીસ સ્ટેશન ડી સ્ટાફના પીએસઆઈ ઓ. આઈ. સીદી સ્ટાફ સાથે શહેરમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ગિરનાર રોડ ઉપર ઓપન જેલ સામે કાળા કલરની બાઈક સાથે એક શખ્સ શંકાસ્પદ હાલતમાં આંટાફેરા કરતો હોવાની માહિતી મળતા પોલીસે ધસી જઈને આ શખ્સની પૂછપરછ કરતા તેનું નામ તુફેર શકીલભાઈ શેખ રહે. વાસાવડ તા. ગોંડલ વાળો હોવાનું જણાવ્યું હતું અને તેની પાસેથી મળી આવેલ રૂપિયા ૩૦,૦૦૦ની કિંમતનું બાઈક રાજકોટમાં રેસકોર્સ પાસેથી ચોર્યું હોવાની કબૂલ આપતા તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ગોંડલ પંથકના આ શખ્સે અન્ય વાહનની ચોરી કરી છે કે કેમ તે અંગે તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

### ૭ માસથી હત્યા કેસમાં ફરાર જૂનાગઢનો આરોપી ઝડપાયો

૭ માસથી હત્યા કેસમાં ફરાર જૂનાગઢના આરોપીને પોલીસે રાજકોટમાંથી ઝડપી લઈ જેલમાં ધકેલી દીધો હતો. જૂનાગઢમાં સુખનાથ ચોક પાસે આવેલ તાર બંગલા પાણીના ટાંકા પાસે રહેતો અસ્ફાકશા ઈસ્માઈલશા રફાઈ હત્યાના ગુનામાં કાચા કામના કેદી તરીકે જેલમાં હતો. પરંતુ તા. ૨ નવેમ્બર ના રોજ વચગાળાના ૭ દિવસના જામીન ઉપર જેલમાંથી મુક્ત થયો હતો. જામીન પુરા થવા છતાં પણ જેલમાં હાજર થયેલ નહીં. દરમિયાન આ ઈસમ રાજકોટમાં વૃંદાવન સોસાયટી નાના મવા વિસ્તારમાં મકાન ખાતે હોવાની માહિતી મળતા જૂનાગઢ પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ વાય. પી. હડીયાનાં માર્ગદર્શનમાં એએસઆઈ ઉમેશ વેગડા, કોન્સ્ટેબલ દિનેશ છૈયા, દિપક બડવા સહિતના સ્ટાફે છાપો મારીને અશફાક રફાઈને ઝડપી હોય તેને રાજકોટ મધ્યસ્થ જેલમાં ધકેલ લીધો હતો.

### જૂનાગઢ : ગળાફાંસો ખાતા મોત

જૂનાગઢનાં વાલ્મીકી વાસ સત્યમ એપાર્ટમેન્ટ પાસે રહેતા ધર્મેશભાઈ ભીખુભાઈ ઝાલા (ઉ.વ. ૩૨)એ ફેફસા તથા કીડનીની બીમારીથી કંટાળી ગળાફંસો ખાઈ લેતાં મૃત્યું પામેલ છે.

### લાકડી વડે માર માર્યો

કેશોદમાં લીમડા ચોકમાં અબોટી શેરીમાં નાના દિકરા મહેબુબ સાથે રહેતા કુલસમબેન અબ્બાસભાઈ મન્સુરી તેમના પુત્રવધુ સલમા સાથે ઘરે હતા. ત્યારે છેલ્લા બે વર્ષથી મોટા દિકરા રફીક સાથે રહેતા પતિ અબ્બાસભાઈ રાજાભાઈએ આવી તમે કેમ મારૂ ખોટું નામ બદનામ કરો છો તેમ કહી ગાળો બોલી લાકડી વડે પત્ની કુલસમબેનને માર મારતા છોડાવવા માટે વચ્ચે પડેલ પુત્રવધુ સલમાને પણ લાકડી ફટકારી નાસી ગયા હતા. આ હુમલામાં સાસુ, વહુને માથાના ભાગે ઈજા થતા કેશોદની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસે મહિલાની ફરિયાદ લઈ તેના પતિ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# માણાવદરનાં પીપલાણા ગામે છરી મારતા ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩

માણાવદર તાલુકાનાં પીપલાણા ગામનાં વિજયભાઈ માધાભાઈ વડીયાતરે સાગર રમેશભાઈ વડીયાતર, રવીભાઈ ઉર્ફે પ્રકાશભાઈ વડીયાતર સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદી તથા સાહેદ ફરીયાદીનાં ઘર સામે બેઠા હતા તે દરમ્યાન આ કામનાં આરોપીઓ આવી અને ફરીયાદીને કહેલ કે અગાઉ તારા ટાટીયા ભાંગી નાખ્યા છે તેજ અમો છીએ બીજા કોઈ નથી તેમ કહી અગાઉ ફરીયાદ થયેલ તેની જુની અદાવત રાખી ફરીયાદીને ભુંડી ગાળો કાઢી આરોપી નં. ૧નાએ ફરીયાદીને જમણા પગમાં તથા પેટ ઉપર લોખંડનાં પાઈપ વતી માર મારી ઈજા કરી તથા આરોપી નં. ૨નાએ છરી ફેરવતા માથાનાં ભાગે મારી દઈ ઈજા કર્યાની ફરીયાદ માણાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# યુવકનો મોબાઈલ ચોરાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩

માંગરોળ તાલુકાનાં સરસાલી ગામનાં પીયુષભાઈ ભીખાભાઈ ભરડા સાંઢા ગામે રામદેવપીર બાપાનાં મંડપમાં ગયેલ ત્યારે તેનો વીવો કંપનીનો રૂા. ૨૭૯૯૯ની કિંમતો મોબાઈલ ચોરી થયાની ફરીયાદ શીલ પોલીસમાં નોંધાવેલ છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.